અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૨ ઓગસ્ટ ૨૦૨૩, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ સુદ છઠ

વર્ષ : ૧૫
અંક : ૨૭

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭33 e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### એન્કાઉન્ટરમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા

## પુલવામામાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ





## પુલવામાના લેરો-પરીગામ વિસ્તારમાં એન્કાઉન્ટર કરાયું

। જમ્મુ, તા.૨૧ ।

જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લાના લૈરો-પરીગામ વિસ્તારમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ છે. એક્રાઉન્ટરમાં ત્રણ આતંકવાદી માર્યા ગયા હતા. જમ્મુ-કાશ્મીર પોલીસ અને કેન્દ્રીય દળોના જવાનો આ ઓપરેશનમાં સામેલ છે. કાશ્મીર ઝોન પોલીસે રવિવારે મોડી રાત્રે એન્કાઉન્ટર શરૂ થયાની માહિતી આપી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' (અગાઉના ટ્વિટર) પર કાશ્મીર ઝોન પોલીસના સત્તાવાર પેજ પર લખ્યું હતું કે પુલવામાના લેરો-પરીગામ વિસ્તારમાં એન્કાઉન્ટર થયું છે. પોલીસ અને સુરક્ષા દળો ઓપરેશનમાં રોકાયેલા હતા. મળતી માહિતી મુજબ, પુલવામા જિલ્લાના લારો-પરીગામ વિસ્તારમાં એન્કાઉન્ટર ચાલી રહ્યું હતું. વાસ્તવમાં સુરક્ષા જવાનોને પરીગામ ગામમાં આતંકવાદીઓની હિલચાલની બાતમી મળી હતી. કાશ્મીર ઝોન પોલીસના જણાવ્યા અનુસાર, સુરક્ષા દળોને કાશ્મીરમાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળ્યા બાદ સેનાની રાષ્ટ્રીય રાઈફલ્સ યુનિટ અને જમ્મુ-કાશ્મીર પોલીસ ૫ ઓગસ્ટથી સંયુક્ત ઓપરેશન ચલાવી રહી છે. હાલમાં જ સુરક્ષા દળોને એન્કાઉન્ટરમાં મોટી સફળતા મળી હતી. આ પહેલા ૧૮ જુલાઈના રોજ સુરક્ષા દળોએ એક્રાઉન્ટરમાં ૪ આતંકીઓને ઠાર કર્યા હતા. આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે આ અથડામણ પૂંચના સિંધરા વિસ્તારમાં થઈ હતી. ખરેખર, સુરક્ષા દળોને સિંધરા વિસ્તારમાં કેટલાક આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. આ પછી રાષ્ટ્રીય રાઈફલ્સ અને જમ્મુ-કાશ્મીર પોલીસ અને અન્ય સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. રાત્રે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ગોળીબાર પણ થયો હતો. આ પછી આખી રાત આતંકીઓને ઘેરીને નજર રાખવામાં આવી હતી. કહેવામાં આવી રહ્યું છે. હાલમાં ઘાટીમાં સક્રિય આતંકવાદીઓની સંખ્યા ૫૦ની આસપાસ છે. આ સિવાય ઘાટીમાં હાલમાં ૨૦-૨૪ વિદેશી આતંકીઓ છે. કેન્દ્રીય એજન્સીઓ અનુસાર, ૩૦-૩૫ આતંકવાદીઓ સ્થાનિક છે અને બાકીના વિદેશી આતંકવાદીઓ છે. બે મહિના પહેલા ડીજીપી દિલબાગ સિંહે કહ્યું હતું કે અમે આતંકની ઈકો સિસ્ટમને ચારે બાજુથી ઘેરી લીધી છે. ભલે તે પથ્થરબાજો પર કાર્યવાહી હોય કે અલગતાવાદીઓ પરની કાર્યવાહી હોય, ફાઈનાન્સરો પરની કાર્યવાહી હોય કે સરહદ પારથી ડ્રોન દ્વારા આવતા હથિયારો જપ્ત કરવાની હોય. પોલીસ અને સુરક્ષા દળોએ આતંકવાદને ઘણી હદ સુધી કાબૂમાં લેવામાં સફળતા મેળવી છે. જ્યાં વર્ષ ૨૦૧૭ થી જ્યારે આતંકવાદીઓની સંખ્યા ૩૫૦ હતી, હવે તેમની સંખ્યા ઘટીને બે આંકડામાં આવી ગઈ છે.

### ન્યૂઝ બ્રિફ

#### જોહાનિસબર્ગમાં બ્રિક્સ શિખર સંમેલનમાં પીએમ મોદી ભાગ લેશે



। નવી દિલ્હી, તા.૨૧ ।

સાઉથ આફ્રિકાની અધ્યક્ષતામાં આ વખતે ૧૫માં બ્રિક્સ શિખર સમ્મેલનનું આયોજન થવા જઈ રહ્યું છે. જોહાનિસબર્ગમાં યોજાઈ રહેલા આ શિખર સમ્મેલનમાં વડાપ્રધાન મોદી પણ ભાગ લેશે. પીએમ મોદી આવતી કાલે સંમેલનમાં ભાગ લેવા માટે રવાના થશે અને આ જ દિવસે સમૂહના વ્યાપાર મંચની બેઠક સાથે તેની શરૂઆત થશે.

#### શરદ પવાર પોતાના જોરે ક્યારેય સરકાર બનાવી શક્યા નથી

। મુંબઈ, તા.૨૧ ।

ક્યારેક શરદ પવારના નજીકના રહેવા દિલીપ વલસે પાટિલે તેમના એક નિવેદનમાં કંઈક એવું કહ્યું કે જેનાથી શરદ પવારના સમર્થકો નારાજ થઈ શકે છે. ખરેખર દિલીપ વલસે પાટિલે શરદ પવારના રાજકીય કદ સામે સવાલો ઊઠાવ્યા હતા અને કટાક્ષ કરતાં કહ્યું કે શરદ પવાર ક્યારેય પોતાના જોરે રાજ્યમાં સરકાર બનાવી શક્યા નથી. પાટિલે એમ પણ કહ્યું કે રાજ્યના રાજકારણમાં ટૂંક સમયમાં ભૂકંપ આવશે.

## ચંદ્રયાન-૨ના ઓર્બિટરે ચન્દ્રયાન-૩નું સ્વાગત કર્યું

### લેન્ડિંગનો સમય ૨૩ ઓગસ્ટે સાંજે ૬.૦૪ વાગ્યાનો રખાયો, આ સમયે વાહનને ચંદ્રની સપાટી પર સુરક્ષિત અને સોફ્ટ લેન્ડીંગ માટે પ્રયાસ કરાશે

। નવી દિલ્હી, તા.૨૧ ।

ભારતનું ચન્દ્રયાન મિશન ચન્દ્ર તરફ સતત આગળ વધી રહ્યું છે. હવે ઈસરોએ ચંદ્રયાન-૩ને લઈને એક મોટું અપડેટ આપ્યું છે. ઈસરોએ માહિતી આપી હતી કે, ચંદ્રયાન-૩ અને ચંદ્રયાન-૨ ઓર્બિટર વચ્ચેનો સંચાર સફળતાપૂર્વક સ્થાપિત થયો હતો. ચંદ્રયાન-૨ના ઓર્બિટરે ચન્દ્રયાન-૩નું સ્વાગત કર્યું છે. બંને વચ્ચે દ્વિ-માર્ગી સંચાર થયો છે. ઈસરોએ ચંદ્રયાન-૩ના લેન્ડીંગ વિષે પણ એક મહત્વની અપડેટ આપી છે.

ઈસરોએ આજે ચંદ્રયાન-૩ના લેન્ડિંગ અંગે નવીનતમ અપડેટ પણ બહાર પાડી છે. તેમણે જણાવ્યું કે લેન્ડિંગનો સમય ૨૩ ઓગસ્ટે સાંજે ૬.૦૪ વાગ્યાનો રાખવામાં આવ્યો છે. આ સમયે, વાહનને ચંદ્રની સપાટી પર સુરક્ષિત અને સોફ્ટ લેન્ડીંગ માટે પ્રયાસ કરવામાં આવશે. ઈસરોએ એ પણ માહિતી આપી હતી કે, લેન્ડિંગ ઈવેન્ટનું લાઈવ ટેલિકાસ્ટ સ્થાનિક સમય મુજબ સાંજે ૫.૨૦ વાગ્યે શરૂ થશે. ઈસરોના વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે આ વખતે અવકાશયાન કોઈ પણ સંજોગે સફળતાપૂર્વક ચંદ્ર પર ઉતરશે. સૌપ્રથમ ઈસરોના ચીફ એસ. સોમનાથ અને પછી ચંદ્રયાન-૨ અને ૩ના પ્રક્ષેપણ સમયે ઈસરોના સહયોગી એરોસ્પેસ સાયન્ટિસ્ટ પ્રોફેસર રાધાકાંત પાધીએ પણ દાવો કરતા કહ્યું હતું કે, ચંદ્રયાન-૨ની નિષ્ફળતા બાદ ઈસરોએ ઘણા સુધારા કર્યા અને આ રીતે ચન્દ્રયાન-૩ બનાવ્યું. દરમિયાનમાં, ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડિંગ કરવા માટે વિક્રમ લેન્ડર સંપૂર્ણપણે તૈયાર છે. ચંદ્રયાનના ચંદ્રની સપાટી પર લેન્ડ થવામાં હવે ફક્ત ૩ જ દિવસ બાકી છે.



બંને વચ્ચે દ્વિ-માર્ગી સંચાર થયો

ચંદ્રયાન ૩નું લેન્ડર ૨૩ ઓગસ્ટે ૨૦૨૩ના રોજ સાંજે ૬ વાગ્યે અને ૪ મિનિટે ચંદ્રની સપાટી પર લેન્ડ કરી શકે છે. આ દરમિયાન ચંદ્રયાન-૩એ ચંદ્રની નવી લેટેસ્ટ તસવીરો મોકલી હતી.

રવિવારે જ વિક્રમ લેન્ડરનું બીજી વખતનું ડિબૂસ્ટિંગ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયું હતું. હવે લેન્ડર અને ચંદ્ર વચ્ચે ફક્ત ૨૫ કિ.મી. જેટલું જ અંતર રહી ગયું છે. આ દરમિયાન ઈસરોએ લેન્ડર વિક્રમ દ્વારા લેવામાં આવેલી ચંદ્રની નવી તસવીરો જાહેર કરી છે. આ તસવીરો ખૂબ જ નજીકથી લેવામાં આવી છે. ઈસરો દ્વારા જારી કરાયેલી તસવીરોમાં અલગ અલગ સપાટી જોવા મળી રહી છે. જેને નોટ કરવામાં આવી રહી છે.

ચંદ્રની સપાટી પર લેન્ડ થયા બાદ રોવર કુલ ૧૪ દિવસ સુધી રિસર્ચ કરશે અને માહિતી એકઠી કરશે. રોવર પ્રજ્ઞાનનું આયુષ્ય ચંદ્રના એક દિવસ બરાબર એટલે કે ૧૪ દિવસનો રહેશે. રોવર ચંદ્ર પર એલ્યુમિનિયમ, સિલિકોન, મેગ્નેશિયમ, પોટેશિયમ, ટાઈટેનિયમ, કેલ્શિયમ અને આયરન સંબંધિત માહિતીઓ એકઠી કરશે.

#### વીએચપીના ઉપાધ્યક્ષની નિરંજની અખાડાની મુલાકાત

## ૧૬ થી ૨૪ જાન્યુઆરીની વચ્ચે રામમંદિરમાં મૂર્તિ સ્થાપિત કરાશે

। અયોધ્યા, તા.૨૧ ।

અયોધ્યામાં રામ મંદિર નિર્માણની જવાબદારી સંભાળી રહેલા વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી)ના આંતરરાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ન્યાસના મહાસચિવ ચંપત રાયે નિરંજની અખાડાની મુલાકાત લીધી હતી અને અખિલ ભારતીય અખાડા પરિષદ (નિરંજની) ના પ્રમુખ શ્રીમંત રવિન્દ્રપુરી મહારાજને મળ્યા હતા. તેમને મંદિરમાં ભગવાન રામની મૂર્તિ સ્થાપન કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

ચંપત રાયે કહ્યું કે જાન્યુઆરી ૨૦૨૪માં ૧૬ થી ૨૪ જાન્યુઆરીની વચ્ચે એક શુભ મુહૂર્તમાં મંદિરના ગર્ભગૃહમાં ભગવાન રામની મૂર્તિ સ્થાપિત કરવામાં આવશે.

#### એશિયાકપ ૩૦ ઓગસ્ટથી પાકિસ્તાન-શ્રીલંકામાં

## એશિયા કપ માટે ભારતીય ટીમમાં તિલક વર્માની સરપ્રાઈઝ એન્ટ્રી

। નવી દિલ્હી, તા.૨૧ ।

એશિયા કપ ૩૦ ઓગસ્ટથી પાકિસ્તાન અને શ્રીલંકાની ધરતી પર શરૂ થવા જઈ રહ્યો છે. એશિયા કપ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી છે. એશિયા કપમાં ભારતીય ટીમ પૂરી તાકાત સાથે મેદાનમાં ઉતરશે. એશિયા કપ માટે ૧૭ ખેલાડીઓને ટીમમાં સ્થાન મળ્યો છે. જો કે આ ટીમમાં એક જ સરપ્રાઈઝ જોવા મળ્યું છે. મિડલ ઓર્ડરના બેકઅપ તરીકે તિલક વર્માની પસંદગી કરવામાં આવી છે. આ સાથે જ સંજુ સેમસનને બેકઅપ તરીકે રાખવામાં આવ્યો છે. શ્રેયસ અય્યર અને કેએલ રાહુલની વાપસી ટીમ ઈન્ડિયાની બેટિંગ લાઈનઅપને મજબૂત બનાવશે. અય્યર ચોથા નંબર પર બેટિંગ કરતો જોવા મળશે. રાહુલ પાસે પાંચમા નંબરની જવાબદારી રહેશે. રાહુલ વિકેટકીપિંગની પણ કાળજી લેતો જોવા મળશે. રવિન્દ્ર જાડેજા ઓલરાઉન્ડર તરીકે રમશે.

#### ભારત દ્વારા યુએસ પ્રોડક્ટસ પર વધુ ટેક્સનો મુદ્દો ઊઠાવ્યો

## સત્તા પર પાછા આવશે તો ભારત પર વધુ ટેક્સની ટ્રમ્પની ચેતવણી

। વોશિંગ્ટન, તા.૨૧ ।

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારત દ્વારા કેટલીક અમેરિકન પ્રોડક્ટ્સ પર ઊંચા ટેક્સનો મુદ્દો ઉઠાવ્યો છે. તેમણે ધમકી આપી છે કે જો તેઓ આવતા વર્ષે સત્તામાં પાછા આવશે તો ભારત પર ટેક્સ લગાવશે. ઉલ્લેખનીય છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકેના તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન ટ્રમ્પે ભારતને ટેરિફ કિંગ ગણાવ્યું હતું. મે ૨૦૧૯માં, ભારતની જનરલાઈઝ્‌ડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સીસને ભારતે યુનાઈટેડ સ્ટેટ્સને તેના બજારોમાં સમાન અને વાજબી પ્રવેશ ન આપવાનું કારણ આપીને સમાપ્ત કરવામાં આવ્યું હતું. ટ્રમ્પે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, તેમણે ભારતમાં ટેક્સના દરમાં ધરખમ ઘટાડો કર્યો છે.



### આ અંગેના બોર્ડ પણ મંદિર બહાર લગાવવામાં આવ્યા

# બિલેશ્વર મહાદેવ મંદિરમાં ટૂંકા વસ્ત્રો પહેરી પ્રવેશવા પર પ્રતિબંધ

## પ્રશાસનના આ નિર્ણયના કારણે પુરુષ હોય કે સ્ત્રી કોઈપણ વ્યક્તિ ટૂંકા વસ્ત્રો પહેરીને મંદિરમાં પ્રવેશ કરી શકશે નહીં

| અમદાવાદ, તા.૨૧ |

રાજ્યના અનેક જાણીતા મંદિરોમાં ટૂંકા કપડા પહેરીને પ્રવેશ કરવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે ત્યારે અમદાવાદના મહાદેવ મંદિરમાં પણ ટૂંકા વસ્ત્રો પહેરીને પ્રવેશ કરવા પર પ્રતિબંધ લગાવાયો હતો. શહેરના બિલેશ્વર મહાદેવ મંદિરમાં ટૂંકા વસ્ત્રો પહેરી પ્રવેશવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. આ અંગેના બોર્ડ પણ મંદિર બહાર લગાવવામાં આવ્યા છે.

નોંધનીય છે કે નવસારીના બીલીમોરાના સોમનાથ મહાદેવ મંદિર પ્રશાસને મહત્વનો નિર્ણય લીધો હતો. મંદિરમાં શ્રાવણ માસ નિમિત્તે ટૂંકા વસ્ત્રો પહેરીને મંદિરમાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. મંદિર પ્રશાસનના આ નિર્ણયના કારણે હવે પુરુષ હોય કે સ્ત્રી કોઈપણ વ્યક્તિ ટૂંકા વસ્ત્રો પહેરીને મંદિરમાં પ્રવેશ કરી શકશે નહી.







ગયા મહિને પણ ડાકોર રણછોડરાયજી મંદિર અને દ્વારકા મંદિર દ્વારા ટૂંકા વસ્ત્રો પહેરીને પ્રવેશ ન કરવાની ભક્તોને અપીલ કરવામાં આવી હતી. ડાકોરના રણછોડરાયજી મંદિર દ્વારા પણ મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો. ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર મંદિર ટ્રસ્ટ દ્વારા સ્ત્રી અને પુરુષોએ મંદિરમાં ટૂંકા વસ્ત્રો પહેરીને આવવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. આ અંગેની નોટિસ મંદિરમાં લગાવાઈ છે. જેમાં લખવામાં આવ્યું છે, ડાકોર મંદિરમાં દર્શનાર્થે આવતા તમામ વૈષ્ણવ ભાઈઓ અને બહેનોએ ટૂંકા વસ્ત્રો પહેરીને મંદિરમાં પ્રવેશ નહીં કરવા અપીલ છે. તે સિવાય જગતમંદિર દ્વારકામાં એક મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણય પ્રમાણે હવે હવે કોઈપણ વ્યક્તિ ટૂંકા કપડાં પહેરીને મંદિરમાં નહીં જઈ શકે. અહીં હવે ટૂંકાં વસ્ત્રો પર 'ર્દ્ર ઈદ્વઈરૂ'ના બૉર્ડ પણ લાગ્યા છે. માહિતી પ્રમાણે, જગત મંદિર દ્વારકામાં ભારતીય સંસ્કૃતિને અનુરૂપ મંદિરની ગરિમા જાળવવા માટે આ ખાસ નિર્ણય લેવામાં આવ્યો છે, ભાવિક ભક્તોની લાગણીઓને ઠેસ ના પહોંચે તે માટે આ મહત્વનો નિર્ણય લેવાયો હોવાનું સામે આવ્યુ છે. આ નિર્ણયના બૉર્ડ પણ લગાવવામા આવ્યા છે, જેમાં દર્શનાર્થીઓને સૂચન આપતાં ગુજરાતી-હિન્દી-અંગ્રેજીમાં બેનરો સામેલ છે

# રાજ્યમાં ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓની સંખ્યા ૧ લાખથી વધારે પર પહોંચી

## વિદ્યાર્થીઓને શાળામાં પરત લાવવા માટે શિક્ષણ વિભાગે જિલ્લા શિક્ષણાધિકારીઓને આદેશ આપ્યો

| અમદાવાદ, તા.૨૧ |

ગુજરાતમાં શિક્ષણની શું દશા છે તેની વાત કરીએ તો ૩૨ હજાર શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. જ્યારે ૧૪,૬૫૨ શાળામાં માત્ર એક જ વર્ગ છે. આ સિવાય સરકારી શાળાઓમાં ૩૮ હજાર વર્ગખંડોની ઘટ છે. તો ૫૬૧૨ સરકારી શાળાઓને મર્જ કરી દેવાઈ છે અથવા તો તાળાં મારી દેવામાં આવ્યા છે. મહત્વનું છેકે રાજ્ય સરકાર ભણશે ગુજરાત, તો આગળ વધશે ગુજરાત, સાક્ષરતા અભિયાન જેવા મિશન ચલાવી રહી છે. જેના માટે કરોડો રૂપિયાનો ખર્ચ પણ કરવામાં આવે છે. પરંતુ બીજીબાજુ ગુજરાતમાં વિદ્યાર્થીઓ શાળાઓ છોડી રહ્યા છે. ત્યારે શું આવી રીતે રાજ્યનું શિક્ષણનું સ્તર ઉંચું આવશે? રાજ્યમાં ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓની સંખ્યા ૧ લાખથી વધારે પર પહોંચી ગયો છે. એકલા અમદાવાદમાં ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓએ શિક્ષણ છોડ્યું છે. તો હવે ઘોડા છૂટ્યા પછી સરકાર તબેલાને તાળા મારવા નીકળી છે. દીકરા-દીકરીઓને શાળામાં પરત લાવવા સરકારે કવાયત હાથ ધરી છે.



શિક્ષણ વિભાગે જિલ્લા શિક્ષણાધિકારીઓને આદેશ આપ્યો છે. ભણે ગુજરાત, વાંચે ગુજરાતનો દાવો પોકળ સાબિત થયો છે. ત્યારે ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓનો આંક વધતા જ ગુજરાત સરકાર દોડતી થઈ છે. ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા શિક્ષણ વિભાગે કામગીરી હાથ ધરી છે, શિક્ષણ છોડી ગયેલા વિદ્યાર્થીઓને ટ્રેક કરી માહિતી એકત્ર કરવા શિક્ષણાધિકારીઓને સૂચના અપાઈ છે. અમદાવાદ જિલ્લાના ૧૦ હજાર ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓને પાછા લાવવા આદેશ છુટ્યો છે. આ માટે ઓડિયો ક્લીપ જાહેર કરી શિક્ષણાધિકારીઓને સૂચના અપાઈ. શિક્ષણ સચિવ વિનોદ રાવે શિક્ષણાધિકારીઓને માહિતગાર કર્યા અને એક ઓડિયો ક્લીપ જાહેર કરી શિક્ષણાધિકારીઓને સૂચના આપી છે.

ધોરણ ૮ માંથી ૯માં ગયેલા વિદ્યાર્થીઓનો ચિંતાજનક ડ્રોપ આઉટ રેશિયો સામે આવ્યો છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ - ૨૪ માં ૧૮ ટકા જેટલો ડ્રોપ આઉટ રેશિયો સામે આવતા શિક્ષણ વિભાગની ચિંતા વધી છે. ધોરણ ૮માંથી ધોરણ ૯માં પહોંચેલા ૧,૮૪,૨૪૪ વિદ્યાર્થીઓને ટ્રેક કરવામાં હાલના તબક્કે શિક્ષણ વિભાગ નિષ્ફળ ગયું છે.

### અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ત્વરિત કાર્યવાહી

# ૨૫ લાખની ખંડણી કેસમાં મહેસાણાના બેની ધરપકડ

## પોલીસની ખોટી ઓળખ આપી મહેસાણાના વ્યક્તિનું અપહરણ કરી પરિવાર પાસે ૨૫ લાખની ખંડણી માંગી હતી

| અમદાવાદ, તા.૨૧ |

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે ૨૫ લાખની ખંડણી અને અપહરણ કરવાના કેસમાં મહેસાણાના ૨ શખસની ધરપકડ કરી છે. બંને આરોપીઓએ પોલીસની ખોટી ઓળખ આપી મહેસાણાના વ્યક્તિનું અપહરણ કરી પરિવાર પાસે ૨૫ લાખ રૂપિયાની ખંડણી માંગી હતી. ત્યારબાદ આ મામલે વડનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. જોકે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે માત્ર ૨૬ દિવસમાં આ ગુનાનો ભેદ ઉકેલી બંને આરોપીને દબોચી લીધા છે. ગત ૨૫ જુલાઈના રોજ જગદિશ કાન્તીજી ઠાકોર (રહે.સબલપુર, તા.વડનગર, જી.મહેસાણા) નું ૨ શખસો દ્વારા અપહરણ કરવામાં આવ્યું છે. જગદિશભાઈને તેમના ગામની બહારથી જ બંને શખસોએ પોલીસની ખોટી ઓળખ આપી સ્કોર્પીયો ગાડી નં.જીજે૭ એઆર ૭૬૩૧માં ઉઠાવી જઈ અપહરણ કરી લીધું હતું. પરિવારજનોને આ મામલે તુરંત વડનગર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાવ્યો હતો. બંને આરોપીઓએ જગદિશભાઈનું અપહરણ કર્યા બાદ તેમના પરિવારને ફોન કર્યો હતો અને તેમને છોડાવવા બદલ ૨૫ લાખની ખંડણી માંગી હતી.

## PMO અને CMOઓની ઓળખ આપી ધાર્યા કામ કરવાનાર ઠગો વધ્યા

| અમદાવાદ,તા.૨૧ |

ગુજરાતમાં PMO અને CMOઓની ઓળખ આપી ધાર્યા કામ કરવાનાર ઠગો વધ્યા છે. આજે ચોથો ઠગ પકડાયો છે. સરકારે જ્યારથી મંત્રાલયોને સૂચના આપી છે કે CMOમાંથી ઓફિશિયલ સૂચના હોય તો જ કામગીરી કરવી નહીં તો મંત્રીઓએ પણ ભલામણો સ્વીકારવી નહીં ત્યારથી CMOના નામે ફોન કરનારા ગુજરાતી ઠગો વધ્યા છે. ગુજરાતી ઠગ કિરણ પટેલે તો વર્ષોથી PMOનું નામ વટાવી ખાધું છે. જેને તો કાશ્મીરમાં સંવેદનશીલ એરિયાની પણ મુલાકાત લીધી છે. કિરણ પટેલ પકડાયા બાદ આ બાબતો પર અંકુશ આવશે તેવી સરકારને આશા હતી પણ એ બાદ CMOના નામે ફોન ચાલુ થયા છે.



શ્રાવણ મહિનાના પહેલા સોમવારે મહાદેવજીની પૂજા કરવા માટે ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા.

## વિશેષ લેખ

### રશિયાનું લુના-૨૫ ચંદ્ર સાથે અથડાયા બાદ થયું ક્રેશ

# રશિયાના મૂન-મિશન લુના-૨૫માં લેન્ડિંગ પહેલા ટેક્નિકલ ખામી સર્જાઈ

## લુના-૨૫ એ શક્તિશાળી રોકેટ પર સવાર થઈને માત્ર છ દિવસમાં ચંદ્રની કક્ષામાં પહોંચી ગયું હતું



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

અવકાશમાં મોકલેલા રશિયાના મિશનમૂનને મોટો આંચકો લાગ્યો છે. રશિયાનું લુના-૨૫ અવકાશયાન ભ્રમણકક્ષામાં પરિભ્રમણ કર્યા બાદ ચંદ્ર પર ક્રેશ થઈ ગયું છે.રશિયાના મૂન-મિશન લુના-૨૫માં લેન્ડિંગ પહેલા ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. લુના-૨૫નું ૨૧ ઓગસ્ટે ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ થવાનું હતું.રશિયન સ્પેસ એજન્સીની ભ્રમણકક્ષા બદલવાની નિશ્ચિત યોજના હતી. જેમાં લુના-૨૫ માં ઓનબોર્ડ કમ્પ્યુટર લગાવવામાં આવ્યું હતું . જે આપોઆપ પોતાનો માર્ગ એટલે કે ભ્રમણકક્ષા પસંદ કરે છે. તેણે કયા સમયે કઈ ઊંચાઈએ જવાનું છે. તે શોધી કાઢે છે. તે એ જ રીતે કામ કરે છે. પરંતુ આ ઓટોમેટિક ઓનબોર્ડ કમ્પ્યુટર પર સમસ્યા સર્જાઈ હતી અને કેટલીક ટેકનિકલ ખામીના કારણે લુના-૨૫ ક્રેશ થઈ ગયું હતું.

રશિયન સ્પેસ એજન્સીએ આ વાતની પુષ્ટિ કરી છે. તેઓએ સ્વીકાર્યું છે કે, તેમના દ્વારા ખોટા માપદંડો સેટ કરવામાં આવ્યા હતા. અમારા ડેટા વિશ્લેષણમાં ભૂલ હતી. જેના કારણે વાહન ખોટી ભ્રમણકક્ષામાં ગયું અને ક્રેશ થયું.લુના- ૨૫ અવકાશયાનને શનિવારે લેન્ડિંગ પહેલાની છેલ્લી ભ્રમણકક્ષામાં પ્રવેશવ્યા બાદ ટેકનિકલ ખામી સર્જાઈ હતી ત્યારબાદ તેમનો અવકાશયાન સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. અવકાશયાન એક અનિશ્ચિતત ભ્રમણકક્ષામાં ધકેલાઈ ગયું અને ચંદ્રની સપાટી સાથે અથડામણના પરિણામે તે તૂટી પડ્યું છે.

એક તરફ રવિવાર ૨૦ ઓગસ્ટનો દિવસ ઈસરો માટે ખુશીનો દિવસ હતો. તો રશિયા માટે આઘાત જનક દિવસ પુરવાર થયો.એક તરફ ચંદ્રયાન-૩ ચંદ્ર ની છેલ્લી ભ્રમણ કક્ષામાં પહોંચીને ૨૫ દ્વ નજીક આવી ગયું હતું અને ૨૩ ઓગસ્ટના રોજ ચંદ્ર તરફ લેન્ડ થવા જઈ રહ્યું હતું. પણ આ દિવસે રશિયા માટે આઘાત જનક સમાચાર સામે આવ્યા. ટેકનિકલ ખામીને કારણે રશિયાનું લુના -૨૫ ક્રેસ થઈ ગયું.રશિયાનું લુના -૨૫જે ૧૧ ના રોજ લોન્ચ થયું હતું.અને ચંદ્રયાન-૩ કરતાં બે દિવસવહેલું લેન્ડ થવાનું હતું. પણ રશિયાનું કમ નસીબ કહો કે ચંદ્રની ધરતી પર સાઉથ પોલ પર સૌથી પહેલા લેન્ડ થવાનું સ્વપ્નું અધૂરું રહી ગયું.અને રશિયાનો ૨૨૦અબજ રૂપિયાનો પ્રોજેક્ટ ફેલ થઈ જતાં મોટુ આર્થિક નુકસાન પણ ભોગવવાનો વારો આવ્યો હતો.

રોસકોસમોસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "લેડિંગ પહેલા ઓર્બિટ બદલતા સમયે અસામાન્ય સ્થિતિ આવી ગઈ, જેના કારણે લૂના-૨૫ વ્યવસ્થિત રીતે ઓર્બિટ ન બદલી શક્યું. એક્સપર્ટ્સ અચાનક સામે આવેલી પ્રોબ્લેમનો સામનો કરવામાં અસમર્થ રહ્યા. તેઓ તેની પર કામ કરી રહ્યા છે.

૧૪ જુલાઈએ ચંદ્રયાન-૩ના લોન્ચિંગના લગભગ એક મહિના બાદ ૧૧ ઓગસ્ટના રોજ લુના ૨૫ લોન્ચ કરવામાં આવ્યું હતું. પરંતુ લુના-૨૫ એ શક્તિશાળી રોકેટ પર સવાર થઈને માત્ર છ દિવસમાં ચંદ્રની કક્ષામાં પહોંચી ગયું હતું. ચંદ્રયાન-૩ પહેલા તે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરવાનું હતું અને તેની સફળતાથી રશિયા આવું કરનારો પ્રથમ દેશ બની ગયો હોત. લુના-૨૫નું મિશન લાઈફ એક વર્ષનું હતું અને તેનું લિફ્ટ-ઓફ માસ ૧,૭૫૦ કિગ્રા હતું. તે રોવરનું વહન કરતું ન હતું, પરંતુ મુખ્યત્વે જમીનની રચના, ધ્રુવીય એક્સોસ્ફીયરમાં ધૂળના કણોનો અભ્યાસ કરવા અને સૌથી મહત્ત્વનું ચંદ્ર પર પૃથ્વીય જળને શોધવા માટે આઠ પેલોડ ધરાવતું હતું.

રોસકોસ્મોસે ટેલિગ્રામ પર એક નિવેદનમાં જણાવ્યું હતું કે ૧૯ ઓગસ્ટના રોજ લુના -૨૫ અવકાશયાનના ઉડ્ડયનકાર્યક્રમ અનુસાર તેની પ્રી-લેન્ડિંગ લંબગોળ ભ્રમણકક્ષાની રચના માટે એક આવેગ પૂરો પાડવામાં આવ્યો હતો. મોસ્કોમાં લગભગ ૧૪:૫૭ સમય પ્રમાણે લુના -૨૫ અવકાશયાન સાથેના સંદેશાવ્યવહારમાં વિક્ષેપ પડ્યો હતો. ૧૯ અને ૨૦ ઓગસ્ટના રોજ ઉપકરણની શોધ અને તેની સાથે સંપર્કમાં આવવા માટે



લેવામાં આવેલા પગલાંનું કોઈ પરિણામ આવ્યું નથી. લુના- ૨૫ અવકાશયાનને શનિવારે લેન્ડિંગ પહેલાની છેલ્લી ભ્રમણકક્ષામાં પ્રવેશવ્યા બાદ ટેકનિકલ ખામી સર્જાઈ હતી. ત્યારબાદ તેમનો અવકાશયાન સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. અવકાશયાન એક અનિશ્ચિતત ભ્રમણકક્ષામાં ધકેલાઈ ગયું અને ચંદ્રની સપાટી સાથે અથડામણના પરિણામે તે તૂટી પડ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે લુના-૨૫ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હતો. અને રશિયાને અવકાશ મહાસત્તા બનાવવા અને કઝાકિસ્તાનના બાયકોનુર કોસ્મોડ્રોમથી રશિયન પ્રક્ષેપણને ખસેડવાના તેમના પ્રયાસોમાંનો એક હતો. યુદ્ધના સમયે અંતરિક્ષ મિશન રશિયા માટે યુક્રેન સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ચંદ્ર પર એક મિશન મોકલવું એ વૈજ્ઞાનિક સંશોધનના પ્રયાસની સાથે એક પ્રતિષ્ઠિત પ્રોજેક્ટ હતો. ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકામાં તત્કાલીન સોવિયેટ યુનિયન દ્વારા મોકલવામાં આવેલા ચંદ્ર મિશનની લુના શ્રેણીને ચાલુ રાખવા માટે લુના ૨૫નું નામ આપવામાં આવ્યું હતું. ૧૯૭૬માં લોન્ચ કરવામાં આવેલું લુના ૨૪ ચંદ્રની સપાટી પર ઉતરનારું છેલ્લું અવકાશયાન હતું. આ પછી ચંદ્ર અભિયાનો લગભગ બે દાયકા સુધી સંપૂર્ણપણે બંધ રહ્યા હતા. લુના-૨૫ની નિષ્ફળતા દર્શાવે છે કે ચંદ્ર પર સોફ્ટ-લેન્ડિંગ કેટલુ મુશ્કેલ છે. ૨૦૧૯માં ભારતનું ચન્દ્રયાન -૨ મિશન પણ નિષ્ફળ રહ્યું હતું. હવે બધાની નજર ચંદ્રયાન-૩ પર છે. જો તે સફળતાપૂર્વક ઉતરાણ કરી શકશે તો ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક ઉતરનાર પ્રથમ દેશ બનીને ઈતિહાસ રચશે. લુના ૨૫ એ ચંદ્ર મિશનની શ્રેણીમાંનું પહેલું હતું.જે રશિયા આ દાયકામાં હાથ ધરવાની યોજના ધરાવે છે. આગામી ત્રણ વર્ષમાં લુના ૨૬ લોન્ચ થવાનું છે, જ્યારે આ શ્રેણીમાં ઓછામાં ઓછી વધુ બે યોજના જાહેર કરી દેવામાં આવી છે. લુના-૨૫ની નિષ્ફળતા દર્શાવે છે કે ચંદ્ર પર સોફ્ટ-લેન્ડિંગ કેટલું મુશ્કેલ છે. ૨૦૧૯માં ભારતનું મિશન પણ નિષ્ફળ રહ્યું હતું. ૧૯૭૬થી ચીન જ એક જ દેશ એવો છે, જે પોતાના અવકાશયાનને ચંદ્ર પર નરમ જમીન પર ઉતારવામાં સફળ રહ્યો છે. ચાંગે ૩ અને ચાંગે ૪ સાથે તેણે આવું બે વાર કર્યું છે. છેલ્લાં દસ વર્ષમાં ભારત, ઈઝરાયલ, જાપાન અને હવે રશિયા દ્વારા કરવામાં આવેલા અન્ય તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા છે. જો ચંદ્રયાન-૩ સફળતા પૂર્વક ઉતરાણ કરી શકશે તો ભારત અમેરિકા, તત્કાલીન સોવિયેત યુનિયન અને ચીન પછી વિશ્વનો માત્ર ચોથો એવો દેશ બની જશે કે જેણે ચંદ્ર પર અવકાશયાન ઉતાર્યું હોય અને ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક ઉતરનાર પ્રથમ દેશ હશે. જોકે, રશિયન સ્પેસ એજન્સીએ કહ્યું કે અમે કોઈ દેશ કે સ્પેસ એજન્સી સાથે સ્પર્ધા નથી કરી રહ્યા. અમારા ઉતરાણ વિસ્તારો પણ અલગ છે. અમે ભારત કે અન્ય કોઈ દેશના મૂન મિશન સાથે સ્પર્ધા કરીશું નહીં. ન તો અમે કોઈના રસ્તામાં આવીશું. કારણ કે ચંદ્ર કે અવકાશ દરેક માટે છે. આ મિશન ૧૯૯૦માં શરૂ કરવામાં આવ્યું હતું. આમ તો રશિયાએ જાપાનીઝ સ્પેસ એજન્સી સાથે ભાગીદારી કરવાનો પ્રયાસ કર્યો પરંતુ જાપાને ના પાડી. આ પછી, રશિયન સ્પેસ એજન્સીએ ભારતના ISROને તેના ચંદ્ર મિશનમાં મદદ કરવા માટે અપીલ કરી હતી. પરંતુ કોઈ ડીલ થઈ શકી ના હતી. આ પછી રશિયાએ જ રોબોટિક લેન્ડર બનાવવાની યોજના બનાવી હતી.કારણ કે દરેક દેશ પોતાનોજ પ્રોગ્રામ લોન્ચ કરવા માંગતા હતાં.

રશિયન સ્પેસ એજન્સી ઓક્ટોબર ૨૦૨૧માં સૌપ્રથમ Luna-25 લોન્ચ કરવા માંગતી હતી. પરંતુ આમાં લગભગ બે વર્ષનો વિલંબ થયો છે. યુરોપિયન સ્પેસ એજન્સી (ESA) Luna-25 સાથે પાયલોટ-ડી નેવિગેશન કેમેરાનું પરીક્ષણ કરવા માંગતી હતી. પરંતુ યુક્રેન પરના હુમલાને કારણે બંને સ્પેસ એજન્સીઓએ સંબંધો તોડી નાખ્યા હતા.લોન્ચિંગ સમયે નજીકના એક આખા ગામને ખાલી કરાવવામાં આવ્યું હતું.. ત્યાંના લોકોને સલામત સ્થળે મોકલવામાં આવ્યા હતાં . કારણ કે રોકેટનો નીચેનો ભાગ તે જગ્યાએ પડી શકે એમ હતો.સ્થાનિક ખેડૂતો, શિકારીઓને પણ ચેતવણી આપ વામાં આવી હતી કે તેઓ લોન્ચિંગ પછી આ ગામની નજીક ન રહે.રશિયાએ પુરી તૈયારી કરી હતી. ઘણી વખત બધું સફળ થતું નથી. રશિયાનું બેડ લક કહી શકાય કે આટલી મહેનત પછી પણ સફળતા ના મળી.

## છત્તીસગઢમાં કોંગ્રેસ ૪૮-૫૪ બેઠકો સાથે બાજી મારી જશે




। નવી દિલ્હી, તા.૨૧ ।

છત્તીસગઢમાં વર્ષના અંત સધીમાં વિધાનસભા ચૂંટણી યોજાશે. ભારતીય જનતા પાર્ટીએ છેલ્લા દિવસોમાં ઉમેદવારોનું લિસ્ટ પણ જાહેર કરી દીધુ છે. આ સાથે જ રાજ્યમાં રાજકારણ ગરમાયું છે. શું રાજ્યમાં કોંગ્રેસ સરકાર રિપીટ કરશે કે, પછી ભાજપનું કમળ ખીલશે? આ અંગે એક સર્વે કરવામાં આવ્યો છે. છત્તીસગઢમાં કુલ ૯૦ વિધાનસભાની સીટ છે. રાજ્યમાં હાલ કોંગ્રેસની સરકાર છે. ત્યારે આ ચૂંટણી પરિણામ અંગે એક સર્વે કરવામાં આવ્યો છે. સર્વે પ્રમાણે કોંગ્રેસ બાજી મારતી નજર આવી રહી છે. કોંગ્રેસને ૪૮-૫૪ સીટ મળી શકે છે. સરકાર બનાવવા માટે છત્તીસગઢમાં ૪૬ સીટો પર જીત પ્રાપ્ત કરવાની રહેશે.ત્યારે આવી સ્થિતિમાં સર્વેના પરિણામમાં કોંગ્રેસે જાદુઈ આંકડો પાર કરી લીધો છે. બીજી તરફ ભાજપના ખાતામાં ૩૫-૪૧ સીટો આવી શકે છે. સર્વે પ્રમાણે ૦-૩ સીટો અન્ય ખાતામાં જઈ શકે છે. સી વોટરે છત્તીસગઢમાં વિસ્તારવાર સર્વે કર્યો છે. ઉત્તર, દક્ષિણ અને મધ્ય છત્તીસગઢમાં અલગ-અલગ સર્વે કરવામાં આવ્યો છે. ઉત્તર સત્તીસગઢમાં કુલ ૧૪ સીટ છે. અહીં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ખરાખરીનો જંગ નજર આવી રહ્યો છે.

## જર્મનીના પ્રધાન વોલ્કર વિસિંગે યુપીઆઈનો ઉપયોગ કર્યો

। નવી દિલ્હી, તા.૨૧ ।

ભારતના યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ એટલે કે યુપીઆઈનો ઉપયોગ વિશ્વના તમામ દેશોમાં થઈ રહ્યો છે. ભારત સરકાર પણ યુપીઆઈને તેની સૌથી મોટી ઉપલબ્ધિઓમાંની એક માને છે. ભારતનો યુપીઆઈપસંદ કરનારાઓની લિસ્ટમાં જર્મની પણ સામેલ થઈ ગયું છે. જી૨૦ સમિટમાં ભાગ લેવા આવેલા જર્મનીના ડિજિટલ અને ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર વોલ્કર વિસિંગે તેને ભારતની સફળતા ગણાવી છે. જર્મનીના યુનિયન ડિજિટલ અને ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર વોલ્કર વિસિંગે યુપીઆઈનો ઉપયોગ કરીને પેમેન્ટની સરળતાનો અનુભવ કર્યો અને તેઓ તેના ફેન બની ગયા હતા. વોલ્કર વિસિંગે ૧૯ ઓગસ્ટે બેંગલુરુમાં જી૨૦ ડિજિટલ મંત્રીઓની બેઠકમાં હાજરી આપી હતી અને ગઈકાલે બેંગલુરુની શેરીઓમાં ફરવા નીકળ્યા હતા.

## ગીતાના જ્ઞાન પ્રસાર માટે કાનપુર યુનિ.માં ગીતા ચેરની સ્થાપના કરાશે

। કાનપુર, તા.૨૧ ।

કાનપુર યુનિવર્સિટી ગીતાના જ્ઞાનને દેશમાં જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાવવા માટે આગળ આવી છે. જે અંતર્ગત કાનપુર યુનિવર્સિટી કેમ્પસમાં ગીતા ચેરની સ્થાપના કરવામાં આવશે. જેથી કરીને લોકો ગીતાના જ્ઞાન વિશે વધુને વધુ જાણી શકે અને સંશોધકો ગીતાના અધ્યાય, શ્લોક અને તેના જ્ઞાન પર સંશોધન કરી શકશે. એટલું જ નહીં આ ગીતા ચેર દ્વારા વિદ્યાર્થીઓને ગીતા વિષય પર પીએચડી કરવાની તક પણ મળશે. છત્રપતિ શાહુજી મહારાજ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રોફેસર વિનય પાઠકે જણાવ્યું કે કાનપુર યુનિવર્સિટી અને શ્રીમદભગવદ્ગીતા ઓર્ગેનાઈઝિંગ કમિટીની મદદથી કાનપુર યુનિવર્સિટીમાં ૧૫ દિવસમાં ગીતા ચેરની સ્થાપના કરવામાં આવશે. જેનાથી આજના સમયના લોકો અને યુવાનો ગીતા વિશે વધુ માહિતી મેળવી શકશે. આનાથી ગીતાનો પ્રચાર તો થશે જ, પરંતુ સંશોધકો પણ ગીતા પર સંશોધન કરી શકશે. કાનપુર યૂનિવર્સિટી આ પહેલા પણ ગીતાને લોકો સુધી પહોંચાડવા માટે ઘણા કાર્યક્રમો કરી ચૂકી છે.



સર્બિયાના નોવાક જોકોવિચ, મેસન, ઓહિયોમાં વેસ્ટર્ન એન્ડ સધર્ન ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની મેન્સ સિંગલ્સની ફાઇનલમાં સ્પેનના કાર્લોસ અલકારાઝને હરાવ્યા બાદ ફોટા માટે પોઝ આપતાં રૂકવુડ કપ સાથે ઉજવણી કરે છે.

### છત્તીસગઢમાં એક અજબ નજારો જોવા મળ્યો

## મુખ્યમંત્રી ભૂપેશ બઘેલની પ્રેસ કોન્ફરન્સમાં સાપ નિકળ્યો

। બિલાસપુર, તા.૨૧ ।

છત્તીસગઢમાં આજે એક અજબ નજારો જોવા મળ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ મીડિયા સાથે વાત કરી રહ્યા હતા ત્યારે ત્યાં અચાનક એક સાપ નીકળી આવ્યો. અચાનક સાપ આવી જવાથી ત્યાં હાજર લોકોમાં હડકંપ મચી ગયો હતો. મીડિયા કર્મચારીઓ સાથે વાતચીત દરમિયાન સાપ નીકળવાનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. સાંપ નીકળતા જ સીએમ એ પાછળ ફરીને જોયું અને ઘટના સ્થળ પર હાજર લોકોને સાપને ન મારવાની અપીલ કરી. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. સીએમ એ કહ્યું કે, આ પિરપિટી (સ્ટ્રિપિડ કિલ બેક સ્નેક) છે. ચિંતા ન કરો. તેમણે એમ પણ કહ્યું કે, તેને ઈજા ન પહોંચાડશો. આજે નાગ પંચમી છે. આ અવસર પર સીએમ બઘેલે લોકોને નાગપંચમીની શુભકામના પાઠવી. તેમણે કહ્યું કે, રાજ્યના તમામ લોકોને નાગપંચમીના પાવન પર્વની ખૂબ-ખૂબ શુભકામના. મહાદેવની કૃપા આપણા બધા પર બની રહે. દરેકના જીવનમાં સુખ અને સમૃદ્ધિનો સંચાર થાય. રાજ્યના તમામ લોકોને નાગપંચમીના પાવન પર્વની ખૂબ-ખૂબ શુભકામના. મહાદેવની કૃપા આપણા બધા પર બની રહે. દરેકના જીવનમાં સુખ અને સમૃદ્ધિનો સંચાર થાય.

### બજાજ ફાઇનાન્સ, અદાણી પોર્ટ્સ, પાવરગ્રીડ કોર્પ અને અદાણી એન્ટરપ્રાઇઝિસે નિફ્ટીમાં સૌથી વધુ ઉછાળો જોવાયો

# સેન્સેક્સમાં ૨૬૭ પોઈન્ટનો ઉછાળો, નિફ્ટી ૧૯૩૫૦ પોઈન્ટને પાર

। મુંબઈ, તા.૨૧ ।



સોમવારે સ્થાનિક શેરબજારો ઉછાળા સાથે બંધ થયા છે. બીએસઈસેન્સેક્સ ૨૬૭.૪૩ પોઈન્ટ એટલે કે ૦.૪૧ ટકાના વધારા સાથે ૬૫,૨૧૬.૦૯ પોઈન્ટના સ્તર પર બંધ થયો હતો. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૮૩.૪૫ પોઈન્ટ એટલે કે ૦.૪૩ ટકાના વધારા સાથે ૧૯,૩૯૩.૬૦ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. બજાજ ફાઈનાન્સ, અદાણી પોર્ટ્સ, પાવરગ્રીડ કોર્પ અને અદાણી એન્ટરપ્રાઈઝિસે નિફ્ટીમાં સૌથી વધુ ઉછાળો જોવાયો હતો. તે જ સમયે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (આરઆઈએલ), મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ, એસબીઆઈલાઈફ ઈન્સ્યોરન્સ અને બજાજ ઓટોમાં બ્રેક જોવા મળી હતી. પાવર ગ્રીડનો શેર બીએસઈસેન્સેક્સ પર સૌથી વધુ ૨.૫૮ ટકાના વધારા સાથે બંધ થયો હતો. એ જ રીતે ઈન્ડસઈન્ડ બેંક, એનટીપીસી, ભારતી એરટેલ, આઈટીસી, બજાજ ફિનસર્વ, ઈન્ફોસિસ અને નેસ્લે ઈન્ડિયાના શેર એક ટકાથી વધુના વધારા સાથે બંધ થયા હતા. આ સિવાય ટાટા સ્ટીલ, ટીસીએસ, ટાઇટન, એક્સિસ બેંક, જેએસડબલ્યુ સ્ટીલ, લાર્સન એન્ડ ટુબ્રો, ટાટા મોટર્સ, એશિયન પેઈન્ટ્સ, વિપ્રો, કોટક મહિન્દ્રા બેંક, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક અને એચયુએલ લીલા નિશાન સાથે બંધ થયા છે. જીયો ફાઈનાન્સનો શેર સેન્સેક્સમાં સૌથી વધુ ૫ ટકાના નુકસાન સાથે બંધ થયો હતો. એ જ રીતે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, મારુતિ, એસબીઆઈ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને એચડીએફસી બેંકના શેર લાલ નિશાન સાથે બંધ થયા હતા. આજે તમામ ક્ષેત્રીય સૂચકાંકો ઉછાળા સાથે બંધ થયા છે. રિયલ એસ્ટેટ, મેટલ, પાવર અને કેપિટલ ગુડ્સમાં ૧-૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બીએસઈમિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોમાં લગભગ એક-એક ટકાનો વધારો જોવા મળ્યો હતો.

### બિહારના મંત્રીનું વિવાદાસ્પદ પગલું

## તેજ પ્રતાપે અટલ બિહારી પાર્કનું નામ કોકોનટ પાર્ક કર્યું

### કાંકડબાગમાં આવેલ આ પાર્કનું નામ પહેલા કોકોનટ પાર્ક હતું, વર્ષ ૨૦૧૮માં તેનું વાજપેયીના નામ પર રખાયું હતું

। પટના, તા.૨૧ ।



બિહાર સરકારમાં પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી તેજ પ્રતાપે પટનાના અટલ બિહારી વાજપેયી પાર્કનું નામ બદલી નાખ્યું છે. હવે આ પાર્ક કોકોનટ પાર્ક તરીકે ઓળખાશે. કાંકડબાગમાં આવેલ આ પાર્કનું નામ પહેલા કોકોનટ પાર્ક હતું. વર્ષ ૨૦૧૮માં તેનું નામ અટલ બિહારી વાજપેયીના નામ પર રાખવામાં આવ્યું હતું. હવે તેજ પ્રતાપે તેનું નામ બદલીને કોકોનટ પાર્ક કરવાની જાહેરાત કરી છે. હવે ભાજપે પાર્કનું નામ બદલવાને લઈને નીતિશ સરકાર પર પ્રહારો કર્યા છે. ભાજપના પ્રવક્તા અરવિંદ કુમાર સિંહે કહ્યું કે, ૨૦૧૮માં આ પાર્કનું નામ કોકોનટ પાર્કથી બદલીને અટલ બિહારી પાર્ક કરવામાં આવ્યું હતું. પરંતુ તેજ પ્રતાપ યાદવે ફરી એકવાર તેનું નામ બદલીને કોકોનટ પાર્ક કરી દીધું છે.

### સની દેઓલની વિલાની બેન્ક દ્વારા હરાજી થવાની હતી

## ટેક્નિકલ કારણોસર સની દેઓલના વિલાની હરાજી પાછી ખેચવામાં આવી

। મુંબઈ, તા.૨૧ ।



હાલમાં જ સમાચાર આવ્યા હતા કે બોલીવૂડ એક્ટર સની દેઓલના મુંબઈ સ્થિત સની વિલાની બેંક ઓફ બરોડા હરાજી કરવાની છે. આ અંગે બેંકે હરાજીની જાહેરાત પણ બહાર પડી હતી, પરંતુ હવે બેંક દ્વારા બંગલાની હરાજીની નોટિસ પાછી ખેંચી લેવામાં આવી છે. સરકારી બેંક ઓફ બરોડાએ આજે એક નિવેદનમાં આ માહિતી આપી છે. ૨૫ ઓગસ્ટે યોજાનારી ઈ-ઓક્શન દ્વારા ૫૬ કરોડની વસૂલાત માટે બેંક ઓફ બરોડા દ્વારા ગઈકાલે સની દેઓલની પ્રોપર્ટી બ્લોક કરવામાં આવી હતી. સની દેઓલે ડિસેમ્બર ૨૦૨૨થી બેંક ઓફ બરોડા પાસેથી ૫૫.૯૯ કરોડની લોન ચૂકવી નથી. બેંક ઓફ બરોડાએ આજે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અજય સિંહ દેઓલ ઉર્ફે સની દેઓલની મિલકતના સંબંધમાં વેચાણની હરાજી નોટિસના સંદર્ભમાં ઈ-ઓક્શન અથવા ઈ-ઓક્શન નોટિસ ટેકનિકલ કારણોસર પાછી ખેંચી લેવામાં આવી છે. બેંકે ગઈકાલે કહ્યું હતું કે સની વિલા તરીકે જાણીતી જુહુની પ્રોપર્ટીની હરાજી ૫૧.૪૩ કરોડ રૂપિયાથી શરૂ થશે. આ માટે ન્યૂનતમ બિડની રકમ ૫.૧૪ કરોડ નક્કી કરવામાં આવી હતી. આ ઉપરાંત સની વિલા અને સની સાઉન્ડ્સ ધરાવતી ૫૯૯.૪૪ ચોરસ મીટરની મિલકતની પણ હરાજી થવાની હતી. સની સાઉન્ડ્સ દેઓલ્સની માલિકીની કંપની છે અને તે લોન માટે કોર્પોરેટ ગેરેંટર છે. જ્યારે સની દેઓલના પિતા ધર્મેન્દ્ર પર્સનલ ગેરેંટર છે.

## ઈન્ડિયાના લોગોની મુંબઈ બેઠકમાં અનાવરણ થવા વકી

। મુંબઈ, તા.૨૧ ।

વિપક્ષી દળોના ગઠબંધન ઈન્ડિયાના લોગોનું અનાવરણ ૩૧ ઓગસ્ટ અને ૧ સપ્ટેમ્બરે મુંબઈમાં યોજાનાર ગઠબંધનની બેઠક દરમિયાન થવાની શક્યતા છે. સૂત્રોએ આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે દેશની નાણાકીય રાજધાનીમાં ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટ ઈનક્લૂઝિવ એલાયન્સ (ઈન્ડિયા) ગઠબંધનની ત્રીજી બેઠકમાં ૨૬થી વધુ રાજકીય પક્ષોના લગભગ ૮૦ નેતાઓના સામેલ થવાની આશા છે. સૂત્રોએ જણાવ્યું કે હાલમાં ૨૬ પક્ષો આ ગઠબંધનનો હિસ્સો છે અને બે દિવસની બેઠક દરમિયાન અમુક અન્ય પક્ષો પણ ગઠબંધનમાં સામેલ થવા તૈયાર છે. તેમણે જણાવ્યું કે ગઠબંધનના પ્રતીક ચિહ્ન (લોગો) નું અનાવરણ એક સપ્ટેમ્બરે ચર્ચા વિચારણાની શરૂઆત પહેલાં કરી શકાય છે.



કેન્યાના નૈરોબીમાં ટોઇ માર્કેટમાં વિક્રેતા ફ્રાન્સિસ નેડેજ તેના સ્ટોલ પર ચોખાનું માપ લે છે.

### ગુજરાત હાઈકોર્ટ સામે રોષ ઠાલવતી દેશની વડી અદાલત

## સુપ્રીમના ચુકાદા વિરુદ્ધ આદેશ પસાર કરવો એ બંધારણની વિચારધારા વિરુદ્ધ

। નવી દિલ્હી, તા.૨૧ ।

ગુજરાત હાઈકોર્ટ સામે રોષ ઠાલવતાં સુપ્રીમકોર્ટે કહ્યું હતું કે કોઈપણ કોર્ટ દ્વારા સર્વોચ્ચ અદાલતના ચુકાદા વિરુદ્ધ આદેશ પસાર કરવો એ બંધારણની વિચારધારા વિરુદ્ધ છે. સુપ્રીમકોર્ટે એક દુષ્કર્મ પીડિતાની ગર્ભપાતની માગ કરતી અરજી પર સુનાવણી કરતી વખતે આ કડક ટિપ્પણી કરી હતી. દુષ્કર્મ પીડિતાએ તેના ગર્ભને દૂર કરવાની મંજૂરી માગતી અરજી કરી હતી. સુપ્રીમકોર્ટે આ મામલે આજે સુનાવણી માટે લિસ્ટેડ કર્યો હોવા છતાં ગુજરાત હાઈકોર્ટે આ મામલે શનિવારે આદેશ પસાર કરતાં સુપ્રીમકોર્ટ વિફરી હતી. સુપ્રીમકોર્ટના જસ્ટિસ બી.વી.નાગરત્ના અને જસ્ટિસ ઉજ્જવલ ભુઈયાંની બેન્ચે રોષ વ્યક્ત કરતાં કહ્યું હતું કે ગુજરાત હાઈકોર્ટમાં શું ચાલી રહ્યું છે? ભારતમાં એવી કોઈ કોર્ટ નથી જે સર્વોચ્ચ અદાલતના ચુકાદા વિરુદ્ધ આદેશ પસાર કરી શકે. આ બંધારણની વિચારધારા વિરુદ્ધ છે. ગુજરાત સરકાર તરફથી સોલિસીટર જનરલ તુષાર મહેતા હાજર રહ્યા હતા.

# હિમાચલમાં વગર વરસાદે સાત મકાન ધરાશાયી થયા

### જવાલી વિધાનસભા ક્ષેત્રના કોટલામાં વધુ ૧૪ મકાનો ખાલી કરાવાયા, આ મકાનો જોખમ ભરી સ્થિતિમાં જણાઈ રહ્યા હતા

। શિમલા, તા.૨૧ ।



હિમાચલમાં પૂર અને ભૂસ્ખલનથી લોકોની પરેશાની ઓછી થઈ રહી નથી. કાંગડા જિલ્લાના જવાલી વિધાનસભા ક્ષેત્રના કોટલામાં વધુ ૧૪ મકાનો ખાલી કરાવામાં આવ્યા હતા. ભૂસ્ખલનને કારણે આ મકાનો જોખમ ભરી સ્થિતિમાં જણાઈ રહ્યા હતા. જોકે અહીં રવિવારે વગર વરસાદે આ સાત મકાનો ધરાશાયી થઈ ગયા હતા, જેના કારણે આસપાસના મકાનો ખાલી કરાવવામાં આવ્યા હતા. બીજી બાજુ કોલ ડેમ રિઝર્વાયરમાં અચાનક પાણીનું સ્તર વધતાં લાગતાં બોટમાં મુસાફરી કરી રહેલા ૧૦ લોકો ફસાઈ ગયા હતા. ફસાયેલા લોકોમાં પાંચ વન અધિકારીઓ પણ છે અને પાંચ સ્થાનિક લોકો છે. એનડીઆરએફ અને સ્થાનિક વહીવટી અધિકારીઓની ટીમે આ દરમિયાન ઘટનાસ્થળે પહોંચીને બચાવ કામગીરી શરૂ કરી હતી. બીજી તરફ, મંડી-કુલ્લુ એનએચપર પંડોહ નજીક રોડ તૂટી જતાં ચાર દિવસથી ફસાયેલા ૫૦૦ વાહનોને ડેમની નજીક બનાવાયેલા નવા રોડ પરથી બહાર કાઢવામાં આવ્યા હતા. છેલ્લા ચાર દિવસથી અહીં બે હજાર જેટલા વાહનો અટવાઈ પડ્યા છે. હાલ આ માર્ગ પરથી માત્ર હળવા અને ખાલી વાહનોને બહાર કાઢવામાં આવી રહ્યા છે. સામાનથી ભરેલા મોટા વાહનોને પંડોહથી બજૌરા પરત મોકલવામાં આવ્યા હતા. આ વાહનોને શનિવારે સાંજે કાંડી કટૌલા થઈને મંડી મોકલવામાં આવ્યા હતા. દહર સબ-ડિવિઝનમાં અલસો ખાતે આવેલું મત્સ્ય બીજ કેન્દ્ર વરસાદને કારણે ભૂસ્ખલનની લપેટમાં આવી ગયું હતું. જેના કારણે ફિશરીઝ સેન્ટરના સ્ટાફ રૂમ, ઓફિસ અને ટાંકીમાં કાટમાળ ઘુસી ગયો છે. તેની બાજુમાં આવેલા છ મકાનોને પણ ભૂસ્ખલનનો ભય ઉભો થયો છે. હવામાન વિભાગે રાજ્યભરમાં બે દિવસ માટે વાવાઝોડા અને વરસાદ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. ઘણી જગ્યાએ ભારે વરસાદને કારણે પૂરની સંભાવના છે. રવિવારે મોટાભાગના સ્થળોએ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. કેટલાક સ્થળોએ હળવો વરસાદ થયો હતો. રાજ્યમાં પૂર, ભૂસ્ખલન અને વાદળ ફાટવાના કારણે અત્યાર સુધીમાં રૂ. ૮૦૧૪.૬૧ કરોડના નુકસાનનું આકલન કરવામાં આવ્યું છે.

## તંત્રી લેખ...

# આત્મ નિર્ભર ભારત એટલે શું ?

આત્મનિર્ભર ભારતનો સંકલ્પ અને એ દિશામાં થઈ રહેલા પ્રયત્નો દેશને એક ઉચ્ચ મુકામે પહોંચાડશે. તેવો અર્થશાસ્ત્રના અગ્રણીઓનો મત છે. વર્તમાન આત્મનિર્ભર ભારત ૩.૦માં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ, ઈમરજન્સી ક્રેડિટ સ્કિમ, મેન્યુફેક્ચરિંગ પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કિમ, એગ્રિકલ્ચર સબસિડી, બૂસ્ટ ફોર પ્રોજેક્ટ એક્સપોર્ટ્સ જેવી વિવિધ યોજનાઓ અમલમાં આવી. સર્વાધિક રોજગારી આપતા સૂક્ષ્મ, લઘુ, મધ્યમ ઉદ્યોગો તથા દેશના ગરીબ નાગરિક, શ્રમિક, મજૂર, ખેડૂત, સંગઠિત-અસંગઠિત ક્ષેત્રના સૌ વ્યક્તિઓ માટે અત્મવિશ્વાસ અને પ્રગતિ. સંપૂર્ણ સ્વદેશી અને વિદેશી ટેકનિકલ જોડાણ સાથે ભારતમાં બનનારી કોરોના રસી (વેક્સીન) આપણને વેક્સીન અંગે વૈશ્વિક ઉત્પાદનની હરોળમાં મૂકવા સાથે, પરદેશી રસી કરતા કદાચ આઠથી દસ ગણી ઓછી કિંમતે ઉપલબ્ધ થશે. ૧૩૦ કરોડ લોકો માટેની બચત ગણીએ તો હજારો કરોડો રૂપિયા થાય.

અર્થતંત્રમાં અનેક ક્ષેત્રોમાં આત્મનિર્ભર થવાના વિશેષ પ્રયત્નોમાં સૌરઉર્જા સૌથી મહત્ત્વનું ક્ષેત્ર, દેશમાં ઊર્જાની કુલ જરૂરિયાતના ૯૯.૬ ટકા ભારતમાં જ ઉત્પન્ન થાય છે. લગભગ સાતથી દસ રૂપિયા પ્રતિ યુનિટના સ્થાને સૌર ઉર્જા લગભગ બેથી ત્રણ રૂપિયે પ્રતિ યુનિટ પ્રાપ્ત થાય છે. હાલમાં જ સૌરઉર્જાનું ઉત્પાદન કરનારી પાંચ કંપનીઓએ ૨૦૦૦ મેગા વોટ વીજળીના ઉત્પાદન અને બેથી અઢી રૂપિયે પ્રતિ યુનિટ આપવાનું કહ્યું, મધ્યપ્રદેશના રિવામાં ૭૫૦ મેગાવોટનો એશિયાનો સૌથી મોટો સોલાર પ્રોજેક્ટ શરૂ થયો, જેની ૨૪ ટકા વીજળી દિલ્હીની મેટ્રો ટ્રેનને અને બાકીની મધ્યપ્રદેશની વીજ કંપનીઓને મળશે. ગુજરાતના ખાવડામાં સોલાર એન્ડ વિન્ડ પ્રોજેક્ટ, જેનું પ્રધાનમંત્રી ૧૪-૧૫ ડિસેમ્બરે ખાત મુહૂર્ત કરશે તે ૩૦ હજાર મેગાવોટનો પ્રોજેક્ટ દુનિયાનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જીનો પ્રોજેક્ટ છે. અન્ય યોજનાઓમાં નવા ઈન્ટીગ્રેટેડ પ્લાન્ટ દ્વારા સીલીકામાંથી ચીપ્સ, સેલ તથા સોલાર મોડ્યુલ, બેટરીઝ અને પેનલ્સ એકે જ પ્લાન્ટમાં બનાવવાની કવાયત પણ ઉદ્યોજકો દ્વારા ધડાઈ છે. હવે ખેતરો, ઘરો, ઓફિસો, ઉદ્યોગો, ઈન્ફ્રાસ્ટક્ચર, રેલવે, એરપોર્ટ, મોટરકાર બધે જ સૌર ઉર્જા વપરાશે. વર્ષ ૨૦૩૫ સુધીમાં દેશમાં સૌર ઉર્જાની માંગ સાત ગણી વધશે. ભારતની સંપૂર્ણ આત્મનિર્ભર થવાની તૈયારી પુરજોશમાં છે.

# ટીમને ચેમ્પિયન ટીમ બનાવો





બિઝનેસ અને અન્ય કોઈ પણ ક્ષેત્રમાં પુરતી સફળતા હાંસલ કરવા માટે આપની સાથે રહેલી ટીમ પણ સફળ રહે તે જરૂરી છે. ટીમને ચેમ્પિયન બનાવીને જ સફળતા હાંસલ કરી શકાય છે. જો તમે એક સફળ લીડર બનવા માટે ઈચ્છુક છો તો પોતાની ટીમને લઈને એમ્પેથી રાખવાની જરૂર છે. એટલે કે તેમની પરિસ્થિતીને પણ સમજી લેવાની જરૂર હોય છે. જો તમે આવુ કરશો તો દરેક સ્થિતીમાં આપની ટીમ આપને સાથ આપશે. આપના પ્રત્યે વફાદાર પણ રહેશે. સાથે સાથે તે ચેમ્પિયન ટીમ પણ બનશે. જે આપને સફળતા અપાવી શકે છે. એક સફળ ટીમ બનાવવા માટે પણ કેટલીક બાબતોનુ ધ્યાન રાખવુ પડે છે. સફળતા હાંસલ કરવા માટે પોતાની ટીમને પણ સફળ બનાવવી પડશે. આના માટે આપને પોતાની ટીમમાં દરેક કામ માટે કોઈને કોઈ વ્યક્તિને જવાબદારી સોંપવી પડશે. આવુ કરવાથી દરેક કામ વિભાજિત થઈ જાય છે અને કામ સરળ પણ બની જાય છે. કામ વહેચી દેવાથી દરેક કામ દરેક વ્યક્તિ પોતાની ઈચ્છાશક્તિ સાથે મજબુતી સાથે કરે છે. ટીમને જવાબદાર બનાવી દેવાની બાબત સફળતા અપાવે છે. આવી સ્થિતીમાં ટીમ મેમ્બર્સ પર વધારે વિશ્વાસ રાખી શકો છો.

સન્માન રાખી શકાય છે. આવી સ્થિતીમાં કર્મચારીઓ નવી નવી બાબતો શિખવા માટે આગળ આવે છે. કર્મચારીઓ તમામ કામ મન લગાવીને કામ કરે ત્યારે જ કોઈ મોટી સફળતા હાંસલ કરી શકાય છે. કોઈ પણ કામને પૂર્ણ કરવા માટે સાહસ રાખવાની બાબત જરૂરી હોય છે. જો તમે તમારા બિઝનેસને સફળ કરવા માંગો છો તો આપમાં મુશ્કેલીનો સામનો કરવાની હિમ્મત અને સાહસ રહે તે જરૂરી છે. રિસ્ક લેવાની હિમ્મત રહે તે જરૂરી છે. આ તમામ ગુણ ટીમ મેમ્બર્સમાં પણ રહે તે જરૂરી છે. જો આવુ હશે તો જ તે એક સફળ ટીમ બની શકે છે. એક ચેમ્પિયન ટીમ બનાવી દેવા માટે સૌથી પહેલી જરૂરિયાત એ છે કે લીડર ટીમ પ્રત્યે એમ્પેથી રાખે. અથવા તો કર્મચારીઓની ભાવના અને કામને સમજે. તેમની સ્થિતીને પણ સમજવામાં આવે. કર્મચારીઓની તકલીફને સમજીને આગળ વધવામાં આવે તે જરૂરી છે. તેમની સફળતાની ઉજવણી કરવામાં આવે તે જરૂરી છે. આવુ કરવાથી કર્મચારીઓ ખુશ રહે છે. આવુ કરવાથી કર્મચારીઓ આપને છોડીને ક્યારેય જશે નહીં. તેમની સ્થિતીને પણ સમજવામાં આવે. કર્મચારીઓની તકલીફને સમજીને આગળ વધવામાં આવે તે જરૂરી છે. તેમની સફળતાની ઉજવણી કરવામાં આવે તે જરૂરી છે. આવુ કરવાથી કર્મચારીઓ ખુશ રહે છે. આવુ કરવાથી કર્મચારીઓ આપને છોડીને ક્યારેય જશે નહીં.

# નામ છે એનો નાશ છે, માટે શરીર નાશ થાય એ પહેલાં તું કોઈ સારું કામ કર! એવી મસ્તરામ બાપાની પ્રેરણાથી ભાવનગરને તખ્તેશ્વરની અમુલ્ય ભેટ મળી.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હિન્દુ સંસ્કૃતિમાં અમુક વાર તહેવાર કે મહિનામાં તીર્થો નામ દર્શન નો મહિમા પણ ખૂબ જ છે અને લોકો પૂર્ણ શ્રદ્ધાથી તીર્થમાં ભગવાનના દર્શન કરે છે નદી કે સમુદ્ર હોય તો સ્નાન કરે છે, અને અને આ રીતે પોતાના પાપ ધોવાઈ જતા હોય એવી પણ એક માન્યતા રહેલી છે. પરંતુ પ્રકૃતિનું સંતુલન બગડી ગયું છે, અને લોકો પોતાની રોજિંદી જિંદગીમાં નીતિ કે સત્ય સ્વરૂપે ઈશ્વરને એટલો યાદ રાખી શકતા નથી, અને એને કારણે કેટલી એ દુર્ઘટનાઓ કે કુદરતી કોપનો માનવી ભોગ બનતો હોય છે. આવી જ એક ઘટના ગંગોત્રી જતી ભાવનગરના તીર્થયાત્રાની બસ ખાઈમાં પડી જતા થઈ, અને કેટલાય યાત્રીઓ માર્યા ગયા. એ તમામ આત્માને ઈશ્વર ચીર શાંતિ આપે એવી એક પ્રાર્થના,અને એમના સ્વજનો ને આ આઘાત સહન કરવાની શક્તિ આપે. તીર્થ નું ચોક્કસ મહત્વ છે, પરંતુ ઈશ્વર તો ઈશ્વર છે એનું ગમે ત્યાં દર્શન કરવાથી કે ભજવાથી એ આપણને ભક્તિથી ભરે છે.

શ્રાવણનો મહિનો આવે અને લોકોમાં ભક્તિભાવ ન આવે એવું બને નહીં! કેટલા લોકો શ્રાવણના ઉપવાસ કરતા હોય, એકટાણા કરતા હોય, સોમવાર રહેતા હોય! આ બધું જ એક પરમ આસ્થાથી શ્રાવણ સાથે સદીઓથી જોડાયેલું છે, અને એનું કારણ માત્ર એટલું જ છે કે શિવ શંકર કહો કે અજન્મા આશુતોષ કહો કે ભોળો ભંડારી કહો એ લોકોની ભાવના માત્રથી રીજી જાય છે, અને એટલે જ ગુજરાતમાં ઠેરઠેર શંકરના મંદિરો આવેલા છે. સીધી સાદી શિવલિંગની સ્થાપના અને સીધી સાદી પૂજા ન કોઈ કર્મકાંડની જરૂરત, કે ન કોઈ મોંઘા મોંઘા દ્રવ્યોથી તેની પૂજન વિધિ, એક કસલી દૂધ અને એક કસલી પાણીથી જે પ્રસન્ન થાય એવો જો કોઈ દેવ હોય તો કદાચ મહાદેવ એક જ દેવ છે, અને એટલે જ તેને દેવોના દેવ મહાદેવ કહેવામાં આવે છે. સૌરાષ્ટ્ર પંથકમાં ખૂબ બધા શિવાલય એવો આવ્યા છે, અને એમાં પણ ભાવેણા નગરી માં તો ભાવનુ જ પ્રાધાન્ય છે, એટલે અહીં પણ ઘણા શિવાલયો છે. આજે આપણે ભાવનગર શહેરની મધ્યમાં આવેલા અને શહેરની શોભા સમાન તખ્તેશ્વર મહાદેવ વિશે વાત કરીશું.

આમ તો તખ્તેશ્વર મહાદેવ વિશે સૌ કોઈ જાણતું હશે કારણ કે એ પણ ઘણું પ્રાચીન છે, એટલે કે ૧૨૫ વર્ષ પૂરા થવા આવ્યાં. ૧૮૯૩ની સાલમાં મહારાજાધિરાજ તખ્તસિંહજી એ આ શિવલિંગની સ્થાપના કરી હતી. શહેરની બરાબર મધ્યમાં ટેકરી ઉપર ખૂબ જ ઊંચી પ્લીંથ લઈને બનાવાયેલું સફેદ આરસ પહાણનું મંદિર, સોનાનું થાળું અને ચાંદીના બારણા ધરાવે છે. ૨૨ આરસપહાણના સ્તંભ પર ઊભેલું આ મંદીર એ નગરની શોભા છે, તેની આસપાસ બનાવેલો આરસનો ચોક અને તેની પાળી પર બેસીને દૂર દૂર સુધી વિસ્તરેલું ભાવનગર શહેરનો નજારો જોવાનો એક લહાવો જ અનેરો છે.આ ઉપરાંત અહીંથી જો આંખ સારી હોય તો દૂર એવો ખંભાતનો દરિયો પણ દેખાય છે.

આ મંદિર સાથે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે એટલે કે તેનો ઈતિહાસ. એકવાર ભાવનગરના નેક નામદાર રાજા તખ્તસિંહજી ને પોતાના રાજ્યની યાત્રાએ નીકળ્યાં હતાં, અને ઘોડા પર જતા હતાં ત્યાં, બોટાદ નજીક એક સંત મહાત્માને ધ્રૂજતાં જોયાં, તેમણે નીચે ઉતરી અને તેને શાલ ઓઢાડી, એ સંત મહાત્મા એ તરત જ ફૂંક મારી અને શાલ ઉડાડી અને તેને બાળી નાખી, આ જોતાં જ મહારાજા સમજી ગયા કે આ કોઈ સામાન્ય માણસ નથી. આ તો કોઈ ઉચ્ચકોટીના સંત મહાત્મા છે, અને તેમને દંડવત્ પ્રણામ કરતાં મહારાજાએ પૂછ્યું કે, હે,મ મહાત્મા! મારે લાયક કોઈ કામ હોય તો જણાવો. એ સંત મહાત્મા એટલે મસ્તરામ બાપા હતાં, અને તેમણે રાજાને કહ્યું તે રાજન તું બારસે પાદરનો ધણી છે, પરંતુ આ શરીરના નાશ સાથે તારું નામ પણ નાશ પામશે, કારણ કે નામ છે એનો નાશ છે. માટે તારું નામ નાશ થાય એ પહેલા તું એવું કોઈ કામ કર, કે જેનાથી યુગો યુગો સુધી લોકો તને યાદ કરે, મંદિર બંધાવ, નિશાળ બંધાવ, હોસ્પિટલ બંધાવ કે જેમાં લોકોની મદદ થાય, માત્ર એ જ હેતુ હોય. રાજા એ મંદિર બંધાવવાનો સંકલ્પ કર્યો. રાજા તો યાત્રાએથી પાછા આવ્યાં, અને એને સાધુ મહાત્માની વાત યાદ હતી.એકવાર રાજાને સ્વપ્નમાં સ્વયં મહાદેવ ભગવાન શંકરે આવીને કહ્યું હે રાજન, નર્મદા કિનારેથી મારુ શિવલિંગ મંગાવી અને મારી સ્થાપના કર. રાજાને પેલા સંત ફકીરની વાત યાદ આવી, અને તેમણે તખ્તેશ્વર મહાદેવની સ્થાપના કરી આ ઉપરાંત એ સમયગાળા દરમિયાન જ તખ્તસિંહજી હોસ્પિટલ અને એક ધર્મશાળા પણ બનાવ્યાં, અને આજે પણ આપણે શ્રદ્ધાપૂર્વક એ નામદાર રાજવી વંશજ ને યાદ કરીએ છીએ કે, જેમણે પ્રજાના હિત માટે થઈને આવા કેટલાય કામ કર્યા અને ભાવનગરની શોભા વધારી. આ મંદિર અત્યારે સરકાર હસ્તક છે અને આ મંદિરની સેવા પૂજા કરનારા સુરેશ ગીરી અને રાજેશગીરી જણાવે છે કે તખ્તેશ્વર મંદિર ને ૧૨૮ વર્ષ પૂરા થઈ ગયા હોવા છતાં કાળની અનેક થપાટો ખાઈને પણ તે આજે અડીખમ ઉભું છે, એ તેની મજબૂતી અને બાંધકામની વિશિષ્ટતા બતાવે છે. કઈ કેટલાય ધરતીકંપ આવ્યા પણ આ મંદિર જેમ હતું તેમનું તેમ જ છે. આ મંદિર સાથે કેટલાય લોકોની આસ્થા જોડાયેલી છે, અને સૌના મનગમતા પર્યટક સ્થળ તરીકે પણ તખ્તેશ્વર નામ જાણીતું છે.

આમ જુઓ તો મંદિરના ઈતિહાસમાં એવી કોઈ મોટી વાત નથી, પણ વાત છે ક્ષત્રિયનાં સંસ્કારની કે જે સાધુ મહાત્મા સંત ફકીરનાં બોલ પર પોતાનું રાજ્ય પણ અર્પણ કરી દેતા હતાં. આવાજ ગોહિલવાડના રજવાડાઓના રાજાથી ભાવેણાની ધરતીનો ઈતિહાસ ભર્યો પડ્યો છે. સરદાર વલ્લભભાઈ પટેલ જ્યારે આઝાદી પછી એકત્રીકરણની ક્રિયા કરી રહ્યા હતાં, ત્યારે ભાવનગરના નામદાર કૃષ્ણ સિંહજી ગોહિલ એ પોતાનું રજવાડું રાજ્યને પહેલા સુપ્રત કર્યું હતું, તો આ છે આપણી ભારતીય સંસ્કારીતા કે સંસ્કૃતિ, જેના મુખ્ય ચાર સ્તંભ છે. માતૃદેવો ભવઃ, પિતૃ દેવો ભવઃ આચાર્ય દેવો ભવઃ અને અતિથિ દેવો ભવઃ આ ચાર સ્તંભ પર ચાલતી આપણી ભારતીય અસ્મિતાને જો આપણે પાછી લાવી શકીશું, તો કાળરૂપી આવતા સંકટ ઝડપથી દૂર થશે. તો ચાલો આપણે આ શ્રાવણે મહાદેવને એ રીતે આરાધીએ ઓમ નમઃ શિવાય ઓમ નમઃ શિવાય ઓમ નમઃ શિવાય હર હર ભોલે હર હર ભોલે. આમ જુઓ તો મંદિરના ઈતિહાસમાં એવી કોઈ મોટી વાત નથી, પણ વાત છે ક્ષત્રિયનાં સંસ્કારની કે જે સાધુ મહાત્મા સંત ફકીરનાં બોલ પર પોતાનું રાજ્ય પણ અર્પણ કરી દેતા હતાં. આવાજ ગોહિલવાડના રજવાડાઓના રાજાથી ભાવેણાની ધરતીનો ઈતિહાસ ભર્યો પડ્યો છે. સરદાર વલ્લભભાઈ પટેલ જ્યારે આઝાદી પછી એકત્રીકરણની ક્રિયા કરી રહ્યા હતાં, ત્યારે ભાવનગરના નામદાર કૃષ્ણ સિંહજી ગોહિલ એ પોતાનું રજવાડું રાજ્યને પહેલા સુપ્રત કર્યું હતું, તો આ છે આપણી ભારતીય સંસ્કારીતા કે સંસ્કૃતિ, જેના મુખ્ય ચાર સ્તંભ છે. માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ આચાર્ય દેવો ભવઃ અને અતિથિ દેવો ભવઃ આ ચાર સ્તંભ પર ચાલતી આપણી ભારતીય અસ્મિતાને જો આપણે પાછી લાવી શકીશું, તો કાળરૂપી આવતા સંકટ ઝડપથી દૂર થશે. તો ચાલો આપણે આ શ્રાવણે મહાદેવને એ રીતે આરાધીએ ઓમ નમઃ શિવાય ઓમ નમઃ શિવાય ઓમ નમઃ શિવાય હર હર ભોલે હર હર ભોલે.

# શ્રાવણ માસમાં શિવ મહિમા ૦૬ તડકેશ્રર મહાદેવ તીર્થનો મહીમા આવો જાણીએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા




પવિત્ર શ્રાવણ માસમાં આપણે શિવ મહિમાનું રસપાન કરી રહયા છીએ.પૃથ્વી લોક પર ભગવાન સદા શિવ ભોળાનાથ અજન્મા દેવ છે એટલે જ ભગવાન શિવનું સ્થાપન લિંગ સ્વરૂપે થાય છે. ભગવાન શિવ તો એવા દેવ છે કે જેમણે હંમેશા માણસોની વસ્તીથી અલગ અને એકાંત જગ્યા વધારે પસંદ કરી છે. તેવી જ રીતે તેમના શિવાલયો પણ જંગલ અથવા તો ગામથી થોડા દુર જોવા મળે છે. મહાદેવનાં શણગાર તથા પૂજન વિધિમાં પણ જંગલની કુદરતી વસ્તુઓનો જ ઉપયોગ જોવા મળે છે.જેમાં વનનાં ફૂલો ધતુરો, બીલીપત્ર,રૂદ્રાક્ષ શણગાર તરીકે, શરીર ઉપર ભસ્મનું લેપન,વાહન માં પોઠીયો,વગાડવામાં ડમરૂં,શરીરે જટાજુટ સર્પોની માળા અને પોશાકમાં હાથી કે વાઘનું ચામડું હોય છે.પૂજન વિધિમાં પાણીનો લોટો અને થોડા બીલી પત્રનાં પાન, શિવને આમ તો મંદિર ની પણ જરૂર નથી,પથ્થરનાં ઓટલે ઝાડની નીચે, ડુંગરની ટોચે પણ ભોળાનાથ બીરાજમાન થઈ જાય છે.ત્યારે આજે શ્રાવણ માસમાં શિવ મહિમા ૦૬માં તડકેશ્રર મહાદેવ તીર્થનો મહીમા જાણીએ તડકેશ્વર મહાદેવ મંદિરની ખાસિયત એ છે કે મંદિર ઉપર કોઈ છત નથી તેમજ સૂર્યના કિરણો શિવલિંગ ઉપર પડે છે. જેના કારણે સૂર્યના કિરણો સતત શિવલિંગને સ્પર્શ કરતાં હોવાથી તે તડકેશ્વર મહાદેવના મંદિર તરીકે પ્રસિધ્ધ છે. ૧૯૯૪માં જીર્ણોદ્ધાર કરી ૨૦ ફૂટના ગોળાઈ નો ઘુમ્મટ ખુલ્લો બનાવાયો. સ્વયંભૂ પ્રગટેલા શિવલિંગના દર્શનાર્થે લોકોની ભારે ભીડ રહે છે. શ્રાવણ માસ અને મહા શિવરાત્રિએ તો ભક્તો દૂર દૂરથી દાદાના દર્શનાર્થે આવે છે.તડકેશ્વર મહાદેવની પ્રતિમાની પૌરાણિક ગાથા કંઈક આવી છે તો આવો તડકેશ્વર મહા દેવના કલમ કાગળ થકી દર્શન કરીએ. વલસાડના પરા વિસ્તાર અબ્રામા ગામે વાંકી નદીના કિનારે તડકેશ્વર મહાદેવનું અતિ પ્રાચીન શિવાલય આવેલું છે.આશરે આઠસો વર્ષ પુરાણા આ શિવાલય ની પૌરાણિક ગાથા અનોખી અને અલૌકિક છે. વર્ષો પહેલાં અહિંના જંગલમાં ગાયો ચરાવતા નિર્દોષ ગોવાળિયા એ એક ગાયને સ્વયંમ્ દૂધની ધારા વહાવતી જોઈ તો તે વિસ્મય પામ્યો હતો. ગામલોકોને જાણ કરતાં તેઓએ તે જગ્યા પર તપાસ કરતાં એક મોટી પથ્થરની શિલા નજરે પડી હતી.ત્યારબાદ આ શિલા પર એક ભક્ત રોજ આવીને દૂધનો અભિષેક કરી જતો હતો. ભોળા શિવજીએ તેને સ્વપ્ર માં આવી જણાવ્યું કે, તું રોજ આ ઘોર જંગલમાં આવીને મારી પૂજા- અર્ચના કરે છે, તારી નિષ્ઠા અને અનન્ય ભક્તિથી હું પ્રસન્ન થયો છું.

હવે મને આ કાદવકીચડમાંથી બહાર કાઢી યોગ્ય જગ્યાએ લઈ જઈ પૂજન કરજે. ભક્તની લાગણીને માન આપી ગામલોકોએ શિલાની આસપાસ ખોદકામ કરતાં સૌના આશ્ચર્ય વચ્ચે છ થી સાત ફૂટ લંબાઈ ધરાવતું પોઢેલા શિવ જેવા આકારનું લિંગ નજરે પડ્યું હતું. ખૂબ જ સાવચેતી પૂર્વક લિંગ ખંડિત ન થાય તે રીતે ખોદ કામ પૂર્ણ કરાયું હતું. બળદગાડામાં શિલાને લાવી આજ ના સ્થળે તેમની પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ હતી.

શા માટે મંદિર પર કોઈ છત નથી ? શિવલિંગના રક્ષણ માટે કામ ચલાઉ દિવાલ અને ઉપર ઘાસનું છાપરું બનાવાયું હતું, પરંતુ થોડા દિવસમાં આ છાપરું અચાનક સળગી ગયું હતું.બાદમાં નળીયા વાળું છાપરું બનાવાયું તો તે વાવાઝોડાથી ઉડી ગયું હતું. વારંવાર બનતી આ ઘટના બાદ શિવભક્તને સ્વપ્ર આવ્યું કે હું તડકેશ્વર છું મારા શીરે કોઈ છાપરું બાંધવાનો પ્રયત્ન ના કરશો ગામલોકોએ ભક્તની વાત સાચી ગણીની ચારેબાજુ દિવાલ કરી દરવાજા બનાવ્યા પણ ઉપરથી ખૂલ્લું જ રાખ્યું હતું.શ્રાવણમાં એક લાખથી વધુ ભકતો દર્શનાર્થે આવે છે. તડકેશ્વર મહાદેવના મંદિરે દર શ્રાવણ માસ દરમિયાન ભક્તોની ભારે ભીડ રહે છે. શા માટે મંદિર પર કોઈ છત નથી ? શિવલિંગના રક્ષણ માટે કામ ચલાઉ દિવાલ અને ઉપર ઘાસનું છાપરું બનાવાયું હતું, પરંતુ થોડા દિવસમાં આ છાપરું અચાનક સળગી ગયું હતું.બાદમાં નળીયા વાળું છાપરું બનાવાયું તો તે વાવાઝોડાથી ઉડી ગયું હતું. વારંવાર બનતી આ ઘટના બાદ શિવભક્તને સ્વપ્ર આવ્યું કે હું તડકેશ્વર છું મારા શીરે કોઈ છાપરું બાંધવાનો પ્રયત્ન ના કરશો ગામલોકોએ ભક્તની વાત સાચી ગણીની ચારેબાજુ દિવાલ કરી દરવાજા બનાવ્યા પણ ઉપરથી ખૂલ્લું જ રાખ્યું હતું.શ્રાવણમાં એક લાખથી વધુ ભકતો દર્શનાર્થે આવે છે. તડકેશ્વર મહાદેવના મંદિરે દર શ્રાવણ માસ દરમિયાન ભક્તોની ભારે ભીડ રહે છે. શ્રાવણના દર સોમવારે દશ હજાર થી વધુ શિવભક્તો ભોળાનાથને શિશ નમાવવા આવે છે. તડકેશ્વર દાદાના દર્શનાર્થે એનઆરઆઈ ભક્તો આવી અચૂક દર્શનનો લાભ લે છે. શ્રાવણ માસમાં દર સોમવારે તડકેશ્વર મહાદેવ મંદિરે વિશાળ મેળો ભરાય છે.જેમાં દૂર દૂરથી લોકો લકઝરી બસ તેમજ ખાનગી વાહનોમાં આવે છે. દાદાનો મહિમા અપરંપાર અને શ્રધ્ધાભેર હોવાથી ભક્તોની ભીડ મોટી સંખ્યામાં ઉમટી પડે છે. આસપાસના જોવાલાયક સ્થળો કલ્યાણ બાગ, જારામ મંદિર વગેરે જોવાલાયક ચળો આવેલાં છે. વલસાડથી પકિમીના અંતરે દરિયા કિનારે પ્રખ્યાત હવાખાવાનું સ્થળ નિયલ તેમ જ ત્રણ કિમીના અંતરે પારનેરાનો કિલ્લો જોવા લાયક સ્થળો આવેલાં છે. આજે શ્રાવણ સુદને મંગળવાર બસ હવે રક્ષાબંધન અને શ્રાવણી તહેવાર થોડાક દિવસ જ આવશે. ભકતોની ભીડ રહેશે. સુના મંદિર શિવાલયમાં લોકો વારે તહેવારે જ આવે છે.સમય ક્યાં છે પવિત્ર શ્રાવણ માસમાં એક હિન્દુ તરીકે સંકલ્પ કરીએ કે હું એક ટાઈમ એટલે સવારે કે સંધ્યા કાળે જયાં હોઈશ ત્યાંના નજીકના એક મંદિર કે શિવાલયમાં જઈશ. આજે શ્રેષ્ઠ ઉપાસના આરાધના અભિષેક કર્યો કહેવાય છે. સદા શિવ ભોળાનાથ દેવાધિ દેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે.

## પુરુષો સાથે ગંદી વાતો કરીને આ મહિલા અમીર બની ગઈ, એક કલાકમાં ૪૦,૦૦૦ની કમાણી



આજના યુગમાં પૈસા કમાવાની કેટલીય રીત હોય છે. બસ માણસને યોગ્ય ઢંગ આવડવી જોઈએ. અમુક લોકો આખી જિંદગી સ્ટ્રગલ કરીને રહી જાય છે અને કમાણી કરી શકતા નથી. પણ અમુક લોકો કમાણીના શોર્ટકટ શોધી કાઢતા હોય છે. કેનેડાની એક મહિલાએ **(Woman humiliate men earn money)** પણ આવું જ કર્યું છે. પહેલા તો તે એક રેસ્ટોરન્ટમાં કામ કરતી હતી, પણ બાદમાં તેણે એક અનોખો આઈડિયા આવ્યો અને તેની જિંદગી બદલાઈ ગઈ. ડેલી સ્ટાર ન્યૂઝ વેબસાઈટના રિપોર્ટ અનુસાર, એશિયા ડૉલ **(Asian Doll)** નામની એક મૉડલ **(Model humiliate men earn 40 thousand rupees per hour)** અજીબોગરીબ કામ કરીને પૈસા કમાય છે. પણ તેના કામ વિશે જાણકારી આપતા પહેલા આપને જણાવી દઈએ કે, તે પહેલા શું કરતી હતી. યૂનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થયા બાદ તેણે એક ક્લબમાં સ્ટ્રિપરની નોકરી શરુ કરી હતી. સાથે જ તે બર્ગર રેસ્ટોરન્ટ સબવેમાં બર્ગર બનાવવાનું કામ કરતી હતી. તેમાં ૯થી ૫ નોકરી હતી. આ નોકરીથી તેને ફક્ત એટલા જ રુપિયા મળતા હતા, જેનાથી તે માંડ પોતાની જીવન જરુરિયાત પુરી કરી શકતી હતી. પણ હવે તે એક કામ કરે છે કે, જેનાથી તેને એક કલાકમાં ૪૦ હજાર રૂપિયાની કમાણી થાય છે. તેણે અશ્લીલ કંટેંટ બનાવનારી ઈંસ્ટ્રીમાં પગ મુક્યો અને ધનવાન મરદોને ટાર્ગેટ કરવા લાગી. તેણે મરદમાંથી એક કોમન સ્વભાવ એ જોયો કે, જે પુરુષ સફળ અને વ્યવસાયના મામલામાં ડોમિનેટિંગ હોય છે, તેને પર્સનલ લાઈફમાં સુંદર મહિલાઓથી અપમાનિત હોવાનું સારુ લાગે છે. પછી તો શું એશિયા ડોલે તેનો ફાયદો ઉઠાવ્યો અને આવી મહિલાઓ પાસેથી મેસેજ અને ફોન દ્વારા વાત કરવા લાગી.

## કર્મચારીએ ઓફિસમાં પોતાનો ફોન ચાર્જ કર્યો તો બોસ ગુસ્સે થયાં, વીજળી ચોરીનો આરોપ લગાવ્યો



ઓફિસમાં જો કર્મચારીની સારુ વર્ક કલ્ચર મળી જાય તો, તેની પ્રોફેશનલ લાઈફ સુધરી જાય છે. પણ જો બોસ પરેશાન કરનારા મળી જાય તો ફરી કર્મચારી કંઈ પણ કરીને કંપની છોડવા માગતા હોય છે. ઘણી વાર બોસ સારા પણ મળી જાય છે, ફણ જ્યારે તે કર્મચારીઓને દરેક નાની મોટી વસ્તુઓ પર ગુસ્સે થવા અને ટોકવા લાગે તો, કર્મચારીઓને પણ સારુ નથી લાગતું. હાલમાં જ આવો એક અનુભવ એક શખ્સને **(Boss stop employee from phone charging)** થયો તો તેણે સોશિયલ મીડિયા પર પોતાની વ્યથા ઠાલવી હતી. રેડિટ ગ્રુપ **r/ antiwork** પર મોટા ભાગે લોકો પોતાની નોકરી સાથે જોડાયેલી વાતો શેર કરતા હોય છે. આ ગ્રુપ પર હાલમાં જ એક વ્યક્તિએ **(employee stealing electricity)** પોતાના બોસ સાથે જોડાયેલી એવી વાત જણાવી જે ખૂબ જ ચોંકાવનારી છે અને તેને જાણીને સૌ કોઈ હેરાન થઈ રહ્યા છે. **@Melodic-Code-2594** નામના યુઝર્સે આ પોસ્ટને રેડિટ પર લખી છે, જેમાં તેણે પોતાના બોસ વિશે વાત કરી છે..શખ્સે લખ્યું છે કે, મારા બોસે આજે કામના સ્થળ પર ફોન ચાર્જ કરવા માટે મને કહ્યું કે, હું વ્યક્તિગત ઉપયોગ માટે કંપનીની વીજળી ચોરી કરી રહ્યો છું, તમે લોકો તેના વિશે શું વિચારો છો? હું આખો દિવસ મારા ફોન પર નથી રહેતો, હું ક્યારેક ક્યારેક રાતે સુતા પહેલા મારો ફોન ચાર્જ કરવાનું ભુલી જાવ છું. આ એક ડેસ્ક જોબ છે. ત્યાર બાદ શખ્સે પોતાના મેસેજને એડિટ કરીને જણાવ્યું કે, આજે જ ટીમને એક જાહેરાતના માધ્યમથી ખબર પડી કે, મારા જે બોસે મને આવી વાત કરી હતી તે આ મહિનાના અંતમાં જઈ રહ્યા છીએ, કદાચ એટલા માટે ગાળાગાળી કરી રહ્યા છે.

**લોકો કરી રહ્યા છે બોસને ટ્રોલ**

શખ્સની આ પોસ્ટ પર કેટલાય લોકોએ કમેન્ટ કરીને પોતાની પ્રતિક્રિયા આપી છે. એકે કહ્યું કે, તેનો બોસ મૂર્ખ છે. આવી રીતે તો કંપનીનું પાણી પીવાનો અર્થ પણ એ થાય કે લોકો પાણીની ચોરી કરે છે. એકે કહ્યું કે, તારા બોસને કહી દે કે બાથરુમ ગયા બાદ ફલશ નહીં કરે, કેમ કે તેનાથી કંપનીની પાણી બરબાદ થશે. એકે કહ્યું કે, જો તેના બોસે આવું કહ્યું હોય તો તેને પુછવું જોઈએ કે, શું કંપનીની આર્થિક હાલત સારી નથી.

## આ ગામનું નામ એટલું ગંદુ છે કે બોલવામાં પણ શરમ આવે



આપણે બધાને આપણી માતૃભૂમિ પર ગર્વ હોય છે અને આપણે ગર્વ કરવો જોઈએ. આખરે આપણી ઓળખાણ તે જગ્યાથી જ થાય છે. જ્યાં આપણે જન્મ્યા છીએ. જો કે, અમે આજે આપને જે ગામ વિશે વાત કરવા જઈ રહ્યા છીએ, તેમના માટે ગામનું નામ ગર્વ નહીં પણ મુશ્કેલીનું કારણ બનેલું છે. તેમની તકલીફ કંઈક અલગ જ છે, કેમ કે તે પોતાના ગામનું નામ સોશિયલ મીડિયા પર લખી શકતા નથી. આમ તો આપણા દેશમાં પણ બંદરપુર, ખજૂરપુર, ખટોલા, ઈમરતી અને ન જાણે કેવા કેવા ગામના નામ સાંભળ્યા હશે, પણ કદાચ ભાગ્યે જ કોઈ તેને બતાવવામાં સંકોચ અને સોશિયલ મીડિયા પર તેને બ્લોક કરી દે છે. જો કે, સ્વીડેનમાં રહેલા એક ગામ એવું છે કે તેને લેવામાં તો શરમ આવે પણ ફેસબુકમાં પણ લખવાથી શરમ આવે છે. બની શકે છે કે આ જગ્યાએ ક્યારેક ગૌરવશાળી રહી હશે, પણ હવે એવું જરાયે નથી. ડેલી સ્ટારના રિપોર્ટ અનુસાર, ગામમાં રહેતા લોકોને આમ તો મૌસમ અથવા વ્યવસ્થાને લઈને કોઈ ફરિયાદ નથી. પણ તેઓ ઈચ્છે છે કે ગામનું નામ ગમે તેમ કરીને બદલી નાખવામાં આવે. તેનું મોટું કારણ એ છે કે, સોશિયલ મીડિયા સેંસરશિપ. હકીકતમાં ગ્રામિણ લોકો જ્યારે પણ પોતાના વેપારની જાહેરાત અથવા ઘરનું એડ્રેસ અથવા કોઈની સાથે સોશિયલ મીડિયા પર અપલોડ કરે છે તો તેમને વાંધાજનક અથવા અશ્લીલ કંટેંટ માનીને તેને હટાવી દેવામાં આવે છે. આ કારણે તેઓ સોશિયલ મીડિયા પર ગામનું નામ લખી શકતા નથી. હકીકતમાં જોઈએ તો, જે ગામની અમે વાત કરી રહ્યા છીએ, તેનું નામ **'Fucke'** છે. આપને તેના સાઈન બોર્ડ સોશિયલ મીડિયા પર કેટલીય જગ્યા પર તસ્વીરો મળી જશે. જો કે, ગામના લોકો આ ટેગથી પરેશાન થઈ ગયા છે. વર્ષ ૧૫૪૭માં આ ગામનું નામ રાખવામાં આવ્યું હતું.

## ભારતનું એ રેલ્વે સ્ટેશન જ્યાંથી તમે પગપાળા વિદેશ જઈ શકો છો




દેશમાં આવા ઘણા રેલ્વે સ્ટેશન છે, જે પોતાની ઘણી ખાસિયતો માટે જાણીતા છે. કેટલાક રેલ્વે સ્ટેશન તેના સૌથી મોટા પ્લેટફોર્મ માટે પ્રખ્યાત છે, જ્યારે ઘણા સ્ટેશનો એવા છે જે પોતાની સ્વચ્છતા માટે આખી દુનિયામાં પ્રખ્યાત છે. પરંતુ શું તમે જાણો છો કે ભારતીય રેલ્વેનું છેલ્લું રેલવે સ્ટેશન કયું છે. જો કે આ વિશે અત્યાર સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ કેટલાક સ્ટેશન એવા છે જે દેશના છેવાડે છે. જ્યાંથી તમે ખૂબ જ સરળતાથી વિદેશ પ્રવાસ કરી શકો છો.

તમે વિચારતા હશો કે એવું કયું રેલ્વે સ્ટેશન છે, જ્યાંથી પગપાળા પણ અન્ય દેશોમાં પહોંચી શકાય છે. તમને જણાવી દઈએ કે બિહારમાં એક એવું રેલ્વે સ્ટેશન છે, જે નેપાળ દેશની ખૂબ નજીક છે. મતલબ કે અહીંથી નીચે ઉતર્યા બાદ તમે પગપાળા વિદેશ પ્રવાસ પણ કરી શકો છો. આવું જ એક રેલ્વે સ્ટેશન પશ્ચિમ બંગાળમાં પણ આવેલું છે.

આ રેલ્વે સ્ટેશન બિહારના અરરિયા જિલ્લામાં આવેલું છે. અરરિયા જિલ્લામાં સ્થિત આ રેલ્વે સ્ટેશનનું નામ જોગબાની સ્ટેશન છે, જેને દેશના છેલ્લા સ્ટેશન તરીકે જોવામાં આવે છે. અહીંથી નેપાળનું અંતર માત્ર નામનું જ છે, આ દેશ અહીંથી એટલો નજીક છે કે લોકો ત્યાં પગપાળા પણ પહોંચી શકે છે. સારી વાત એ છે કે ભારતના લોકોને નેપાળ જવા માટે વિઝા કે પાસપોર્ટની પણ જરૂર નથી. એટલું જ નહીં, તમે આ સ્ટેશનથી તમારા વિમાનનો ખર્ચ પણ બચાવી શકો છો. પશ્ચિમ બંગાળના સિંઘબાદ સ્ટેશનને દેશનું છેલ્લું સ્ટેશન પણ માનવામાં આવે છે. દક્ષિણ ભારતમાં જ્યાંથી દેશની દરિયાઈ સરહદ શરૂ થાય છે, ત્યાંના એક સ્ટેશનને પણ દેશનું છેલ્લું સ્ટેશન કહેવામાં આવે છે. પશ્ચિમ બંગાળના માલદા જિલ્લાના હબીબપુર વિસ્તારમાં બનેલું સિંઘબાદ સ્ટેશન ભારતનું છેલ્લું સરહદી સ્ટેશન છે. અમુક સમયે આ સ્ટેશન કોલકાતા અને ઢાકા વચ્ચે જોડાણ સ્થાપિત કરતું હતું.

BOLLYWOOD NEWS FLASH

### સલમાનના ચાહકો તેની ફિલ્મ 'ટાઇગર 3'ની રાહ જોઇ રહ્યા છે : ફિલ્મમાં કેટરીના કૈફ, ઇમરાન હાશ્મી જોવા મળશે



## 'ટાઇગર 3'ના સેટ પરથી કેટરિના કૈફના ડાન્સનો વીડિયો થયો લીક

। મુંબઈ, તા.૨૧ ।

એક તરફ સની દેઓલની ફિલ્મ 'ગદર ૨'એ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી છે. બીજી તરફ સુપરસ્ટાર સલમાન ખાનના ફેન્સ તેની આગામી ફિલ્મ 'ટાઈગર ૩'ની રાહ જોઈ રહ્યા છે. ભાઈજાનના ચાહકોને ખાતરી છે કે 'ટાઈગર ૩' બોક્સ ઓફિસ પર ઘણા રેકોર્ડ તોડશે. જ્યારથી યશ રાજે શાહરુખ ખાનની 'પઠાણ'માં ટાઈગરની એન્ટ્રી બતાવી ત્યારથી 'ટાઈગર ૩' ચર્ચાનો ભાગ બની રહી છે. આ દરમિયાન ફિલ્મના સેટ પરથી એક નવો વીડિયો લીક થયો છે. સલમાન અને કેટરીના સ્ટારર 'ટાઈગર ૩' પર ચાહકોની નજર છે. ફિલ્મ સાથે જોડાયેલી દરેક વાત સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થવા લાગે છે. આવી સ્થિતિમાં Reddit પર 'ટાઈગર ૩'નો એક વીડિયો લીક થયો છે. વીડિયોમાં કેટરીના બેકગ્રાઉન્ડ ડાન્સર્સ સાથે ગીતનું શૂટિંગ કરતી જોઈ શકાય છે. ગીત જોઈને તમને 'એક થા ટાઈગર'નું પ્રખ્યાત ગીત માશાલ્લાહ યાદ આવી જશે. વીડિયોમાં જોઈ શકાય છે કે આ નવા ગીતનો સેટ માશાલ્લાહ ગીત સાથે ઘણો મળતો આવે છે. તે જ સમયે કેટરિના કૈફના ડાન્સ મૂવ્સ પણ જોવા મળે છે. જો કે વીડિયોમાં કેટરીનાનો ચહેરો સંપૂર્ણ રીતે દેખાતો નથી. વીડિયો લીક થતાં જ નેટીઝન્સે અનુમાન લગાવ્યું હતું કે, પ્રખ્યાત અરબી ગીત માશાલ્લાહ ટાઈગર ફ્રેન્ચાઈઝીના ત્રીજા ભાગમાં ફરી એકવાર સાંભળવામાં આવશે. એક યુઝરે લખ્યું કે, કેટરિના કૈફથી સારો કોમ્બો કોઈ નથી. ડાન્સ નંબર, રાહ નથી જોઈ શકતો!''

## બોયફ્રેન્ડ એલેક્ઝાન્ડરે દિશા પટણીના ચહેરાનું ટેટૂ કરાવ્યું

। મુંબઈ, તા.૨૧ ।



અભિનેત્રી દિશા પટનીના કથિત બોયફ્રેન્ડ એલેક્ઝાન્ડરે હાલમાં જ એક વિડીયો શેર કર્યો છે જેમાં તે પોતાના હાથ પર એક છોકરીનું ટેટૂ કરાવતો જોવા મળી રહ્યો છે. છોકરીનો ચહેરો બિલકુલ દિશા જેવો છે. સિકંદર સાથેનો વીડિયો અને તસવીર શેર કરતી વખતે દિશાએ તેનો આભાર પણ માન્યો હતો. દિશાના કથિત બોયફ્રેન્ડનો આ ટેટૂ વીડિયો સોશિયલ મીડિયા પર ઘણો પસંદ કરવામાં આવી રહ્યો છે. પહેલો વીડિયો એલેક્ઝાંડરે તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કર્યો છે. આ વીડિયોમાં તે પોતાના હાથ પર ટેટૂ કરાવે છે. વીડિયોમાં તેની સાથે ટેટૂ આર્ટિસ્ટ પણ જોવા મળી રહ્યો છે. દિશાએ તેના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં સિકંદર અને દિશાનો મિત્ર તેની સાથે જોવા મળી રહ્યો છે. દિશાની મિત્ર સિકંદરને પૂછે છે કે આ કોણ છે? આ દરમિયાન ત્રણેય હસવા લાગે છે. વીડિયો સિવાય દિશાએ સિકંદરનો એક ફોટો પણ શેર કર્યો છે. પોસ્ટમાં તેણે કહ્યું- 'આ વાત મારા દિલને સ્પર્શી ગઈ. હું ખૂબ નસીબદાર છું કે તમે મારા મિત્ર છો.' જણાવી દઈએ કે દિશાએ ક્યારેય તેમના સંબંધો વિશે સત્તાવાર કંઈપણ કહ્યું નથી. જો કે, લાંબા સમયથી, તે ઘણીવાર એલેક્ઝાન્ડર સાથે જોવા મળે છે. સિકંદરના આ વીડિયો પર ફેન્સ ઉગ્ર પ્રતિક્રિયા આપી રહ્યા છે. એક યુઝરે કોમેન્ટ સેક્શનમાં લખ્યું- તે દિશાના પ્રેમમાં સંપૂર્ણપણે ડૂબી ગયો છે. તેના ચહેરા પર ટેટૂ કરાવ્યું. અન્ય યુઝરે લખ્યું- 'હવે ટાઈગરનું શું થશે?' ત્રીજા યુઝરે લખ્યું- ' 'કુંગવા' ફિલ્મમાં દિશાનો લુક કંઈક આવો હશે.' દિશા અને ટાઈગર શ્રોફ ઘણા સમયથી એકબીજા સાથે હતાં. લગભગ ૬ વર્ષ સુધી ડેટિંગ કર્યા બાદ તેમના સંબંધોનો અંત આવ્યો. બ્રેકઅપ પછી પણ બંને હવે સારા મિત્રો છે. જોકે, ટાઈગર અને દિશા હંમેશા એકબીજાને સારા મિત્રો કહે છે.

### રજનીકાંત બદ્રીનાથના દર્શન બાદ સીધા લખનઉ પહોંચ્યા ત્યાં પહેલા ડિપ્યુટી સીએમ કેશવપ્રસાદ મૌર્યની મુલાકાત કરી

## રજનીકાંતની જેલર ફિલ્મ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી રહી છે

। મુંબઈ, તા.૨૧ ।

સાઉથના સુપરસ્ટાર રજનીકાંત યુપીના લખનઉ શહેર પહોંચ્યા. પત્ની લતા પણ રજનીકાંત સાથે હતા. વાત જાણે એમ છે કે રજનીકાંતની ફિલ્મ જેલર બોક્સ ઓફિસ પર ટંકશાળ પાડી રહી છે. જ્યારથી રિલીઝ થઈ છે ત્યારથી તે ફિલ્મ થિયેટરોમાં ધૂમ મચાવી રહી છે. બે વર્ષ બાદ રજનીકાંતે મોટા પડદે વાપસી કરી છે તો આ વાપસી ધમાકેદાર તો રહેવાની જહતી. હવે જેલર હિટ થઈ ગઈ છે તો આવામાં રજનીકાંત ચાર ધામની જાત્રા અને ત્યારબાદ યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને મળવા માટે ગયા હતા.



રજનીકાંત બદ્રીનાથના દર્શન કર્યા બાદ સીધા લખનઉ પહોંચ્યા. ત્યાં પહેલા ડિપ્યુટી સીએમ કેશવપ્રસાદ મૌર્યની મુલાકાત કરી. આ દરમિયાન રજનીકાંતની ફિલ્મ જેલરનું સ્પેશિયલ સ્ક્રિનિંગ પણ કરવામાં આવ્યું હતું. બંનેએ બપોરે ૧.૩૦ વાગે સાથે બેસીને ફિલ્મ જોઈ. લખનઉના ફીનિક્સ પ્લાસિયોના આયનોક્સ મેગાપ્લેક્સમાં ફિલ્મ જોઈ. ત્યારબાદ રજનીકાંત સીધા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને મળવા માટે તેમના ઘરે પહોંચ્યા. સોશિયલ મીડિયા પર એક એવો વીડિયો વાયરલ થયો છે કે જેમાં રજનીકાંત સીધા ગાડીમાંથી ઉતરીને મુખ્યમંત્રીના ચરણ સ્પર્શ કરતા જોવા મળ્યા છે. સીએમ યોગીએ ફૂલોનો ગુલદસ્તો આપીને રજનીકાંતનું સ્વાગત કર્યું. તેમને પૂરા આદર સત્કાર સાથે ઘરની અંદર લઈને ગયા.

## અમિષા પટેલ તેની કેરીયરની મોટી ફિલ્મો ઠુકરાવી દીધી છે

। મુંબઈ, તા.૨૧ ।



સુપરહિટ ફિલ્મ ગદર ૨ થી અત્યારે ચારો તરફ ચર્ચામાં રહેનાર એક્ટર અમીષા પટેલે પોતાના કેરિયરની મોટી મોટી ફિલ્મો ઠુકરાવી છે. તેને લઈને હવે અમીષા પટેલે ખુલાસો કર્યો છે. આવુ કરવા માટે આખરે કારણ શુ હતું. હાલમાં તો અમિષા પટેલ સની દેઓલ સાથેની ફિલ્મ ગદર ૨ ફિલ્મની સફળતાની મજા લઈ રહ્યા છે. એ વાતથી કોઈ અજાણ નથી કે, અમિષા પટેલે કહોના પ્યાર હૈથી ફિલ્મમી કેરિયરની શરુઆત કરી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપર હિટ રહી હતી. ત્યાર બાદ અમિષા પટેલની જ ચર્ચા થવા લાગી હતી. ફિલ્મમાં ઘણા ઓફર આવવા લાગ્યા હતા. હવે તેને લઈને ખુદ અમિષા પટેલે ખુલાસો કર્યો છે. સલમાન ખાનની તેરે નામ, સંજય દત્તની મુન્નાબાઇ એમબીબીએસ અને શાહરુખ ખાનની ચલતે ચલતે માટે પણ તેનો સંપર્ક કરવામાં આવ્યો હતો. અમીષા પટેલે જણાવ્યુ હતુ કે, એવી ઘણી ફિલ્મો હતી જે હુ નહોતી કરી શકી. મારી ડેટ્સની સમસ્યાના લીધે તે ફિલ્મો ઠુકરાવી હતી. તેનો પછતાવો નથી. ચલતે ચલતે એ જ ફિલ્મોમાથી એક હતી. મુન્નાભાઈ, તેરે નામ,, આવા ઘણા કારણ હતા જેના લીધે આ ફિલ્મો હુ નહોતી કરી શકી ફક્ત એક અમિષા છે તે દરેક જગ્યાએ ના જઈ શકે.

## અભિનેત્રી ભૂમિકા ચાવલાએ તેનો ૪૫મો જન્મદિવસ ઉજવ્યો

। મુંબઈ, તા.૨૧ ।



માસૂમ ચહેરો, મોટી આંખો, કંઈક આવો જ છે તેનો દેખાવ. અમે વાત કરી રહ્યા છીએ અભિનેત્રી ભૂમિકા ચાવલા વિશે જે સલમાન ખાન સાથે ફિલ્મ 'તેરે નામ'માં જોવા મળી હતી, જેણે પોતાની પહેલી જ ફિલ્મમાં પોતાના અભિનયથી લોકોના દિલ જીતી લીધા હતા. જો કે 'તેરે નામ'માં પોતાની નિર્દોષતાથી દિલ જીતનારા પાત્રનો લૂક હવે ઘણો બદલાઈ ગયો છે. ઉંમરની સાથે તેના લુકમાં ઘણો બદલાવ આવ્યો છે. પરંતુ આજે પણ તેના ચહેરા પર તે નિર્દોષતા પ્રતિબિંબિત થાય છે જેના પર ચાહકો દિવાના થઈ જાય છે. છેલ્લા કેટલાક સમયથી ભૂમિકા ચાવલા લાઈમલાઈટથી દૂર છે. જોકે, તાજેતરમાં જ તે ૨૦ વર્ષ પછી સલમાન ખાન સાથે ફિલ્મ 'કિસી કા ભાઈ કિસી કી જાન'માં જોવા મળી હતી. આ ફિલ્મમાં તે અભિનેત્રી પૂજા હેગડેની ભાભીની ભૂમિકામાં જોવા મળી હતી, જેને દર્શકોએ પસંદ કરી હતી. તો બીજી તરફ રોલની સ્ટાઈલ પણ પહેલા કરતા વધુ ગ્લેમરસ બની ગઈ છે. પહેલી હિન્દી ફિલ્મમાં ખૂબ જ સિમ્પલ છોકરીના પાત્રમાં જોવા મળેલી ભૂમિકા હવે ખૂબ જ બોલ્ડ અને બ્યુટીફુલ લાગી રહી છે. ભૂમિકા ભલે હવે ફિલ્મોમાં ઓછી જોવા મળે છે, પરંતુ તે સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને પોતાની સુંદર અને ગ્લેમરસ તસવીરો શેર કરીને ફેન્સ સાથે જોડાયેલી રહે છે. આજે ભૂમિકા તેનો ૪૫મો જન્મદિવસ ઉજવી રહી છે. તો ચાલો જાણીએ આ ખાસ અવસર પર અભિનેત્રી સાથે જોડાયેલી કેટલીક ખાસ વાતો.

# ડુંગરી પ્રાથમિક શાળામાં બાળમેળો અને જીવન કૌશલ્યની વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ



**। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૧ ।**

આજ રોજ ઝાલોદ તાલુકાની ડુંગરી પ્રાથમિક શાળામાં બાળમેળો અને લાઈફ સ્કીલ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓની ઉજવણી કરવામાં આવી.આ કાર્યક્રમમાં શાળા વ્યવસ્થાપન સમિતિ ના સભ્યો હાજર રહ્યા હતા.

શાળામાં અવનવી પ્રવૃતિઓ યોજાઈ ધોરણ ૧ થી ૫ માં માટી કામ, લીંબુ ચમચી, કોથળા દોડ, લોટ ફુકણી, ચિટક કામ, ચિત્રકામ વગેરે પ્રવૃત્તિઓ થઈ. આ બાળમેળામાં શાળાના તમામ શિક્ષકો જોડાયા હતા. શાળાના શિક્ષકો સંગીત ખુરશીમાં ભાગ લઈ વિદ્યાર્થીઓનો ઉત્સાહને વધાર્યો હતો. સંગીત ખુરશીમાં શાળાના આસિસ્ટન્ટ શિક્ષક સોલંકી ગીતાબેન વિજય થયા હતા. શાળાના ધોરણ છ થી આઠ માં બાળમેળો અને લાઈફ સ્કીલપ(જીવન કૌશલ્ય) પ્રવૃત્તિઓ યોજાઈ જેમાં ટાયરનું પંચર બનાવવું, ફ્યુઝનું જોડાણ, ગેસ અને સગડીનું જોડાણ, પાનમાંથી વિવિધ આકૃતિઓને આકાર આપવો, કેશ ગુથણ, ઉનનાદોરામાંથી તોરણ બનાવવું. વેસ્ટ માંથી બેસ્ટ બનાવવું, વગેરે પ્રવૃત્તિઓમાં શાળાના બાળકો અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# એકલ અભિયાન ગુજરાત તથા મહારાષ્ટ્રની બેઠક સુરત ખાતે યોજાઈ

### ઝાલોદ નગરમાંથી પણ આ બેઠકમાં ભાગ લેવામાં આવ્યો



**। ઝાલોદ, તા.૨૧ ।**

એકલ અભિયાન P 8 પ્રભાગ (ગુજરાત તથા મહારાષ્ટ્ર)ની બે દિવસીય વાર્ષિક બેઠક તા ૧૯અને૨૦ સુરત અગ્રસેનભવન ખાતે પૂર્ણ કરી જેમા મહારાષ્ટ્ર તથા ગુજરાતના ભાગોમાંથી ભાગ સમિતી અપેક્ષિત રહી જેમાં ઉત્તર ગુજરાત ભાગ માંથી મેહુલ કટારા ભાગ અધ્યક્ષ, શ્રીમતી પિનલબેન મનિષભાઈ પંચાલ ભાગ મહીલા અધ્યક્ષિકા,મતન કટારા ભાગ અભિયાન પ્રમુખ કાળુ તંબોલીયા ભાગ યુવા પ્રભારી બેઠકમા ઉપસ્થિત રહી એકલની સંપૂર્ણ એકટીવિટીનીનુ પ્ર.શિક્ષણ લીધું તેમાં કેન્દ્રીય અધિકારી દિપભાઈ તથા દરેક આયામના કેન્દ્રીય પદાધિકારીઓ એ માર્ગદર્શન આપ્યું હતું. ઉત્તર ગુજરાત ભાગમાં દાહોદ, મહિસાગર, પંચમહાલ, છોટાઉદેપુર તથા હિમતનગર અંચલોમા કુલ ૧૨૭૦ ગામોમાં પંચ મુખી શિક્ષા (૧) શિક્ષા (૨) આરોગ્ય (૩) ગ્રામ વિકાસ (૪) જાગરણ (૫) સંસ્કાર આ મુખ્ય પાંચ આયામો દ્વારા વિધ્યાલયો તથા એકલ ગ્રામોત્થાન યોજના દ્વારા આઈ.વિ.ડી. શિવણ ક્લાસો તથા કોમ્પ્યુટર ક્લાસ,આરોગ્ય સેવિકાઓ, સંસ્કાર દ્વારા વ્યાસ કથાકારો માધ્યમથી ધાર્મિક કાર્યક્રમો, કોમ્પ્યુટર બસ શ્રીહરિ રથ મંદિર આમ વ્યક્તિ ના સર્વાંગી વિકાસ માટે તથા ગામના સર્વાંગી વિકાસ માટે મુખ્ય પાંચ આયામો દ્વારા જૂદી જૂદી એક્ટીવા કાર્યો કરવામાં આવે છે.

### ધક્કા-મુક્કીથી સર્જાયેલી દુર્ઘટનાની સફળ મોકડ્રીલ યોજાઈ

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે શંકાસ્પદ બેગ મળતા ફેલાયેલી અફવાથી પ્રવાસીઓમાં મચેલી ભાગદોડ

### બે પ્રવાસીઓને સામાન્ય અને એક પ્રવાસીને ગંભીર ઇજા થવાથી સ્થળ પર જ તાત્કાલિક પ્રાથમિક સારવાર બાદ રાજપીપલા સિવિલ હોસ્પિટલ ખાતે વધુ સારવાર માટે ખસેડાયા

**। દીપક જગતાપ રાજપીપળા, તા.૨૧ ।**



નર્મદા જિલ્લા કલેકટરઅને જિલ્લા મેજીસ્ટ્રેટ શ્વેતા તેવતિયાના માર્ગદર્શન અને રાહબરી હેઠળ નર્મદા જિલ્લા ડિઝાસ્ટર કન્ટ્રોલ રૂમ અને સ્ટેચ્યૂ ઓફ યુનિટીની સુરક્ષા વ્યવસ્થા સંભાળતી CISFના સંયુક્ત ઉપક્રમે આજે સોમવારના રોજ ગરૂડેશ્વર તાલુકાના એકતાનગર (કેવડીયા) ખાતે વૈશ્વિક પ્રવાસન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એક શંકાસ્પદ બેગ મળવાથી ફેલાયેલી અફવાના કારણે સ્ટેચ્યુ પરિસરમાં અંદર વિવિધ વિભાગો નિહાળતા પ્રવાસીઓમાં ભાગદોડ મચી જવાની સાથે પોતાનો જીવ બચાવવા બુમાબુમ કરી બહાર નીકળતા અફરાતફરી મચી હતી.

દુર્ઘટના સ્થળેથી લોકોને સલામત રીતે હેમખેમ બહાર નિકાળવામાં થયેલી ધક્કા-મુક્કીમાં ત્રણ પ્રવાસીઓને આંતરિક અને બાહ્ય ઈજાઓ સાથે દુર્ઘટનાથી ભયભીત થવાને લીધે અમુક લોકોને આઘાત પહોંચ્યો હતો અને બેહોશ થઈ ગયા હતા. જેના લીધે એક પ્રવાસી બેભાન થઇ ગયો હતો. તેને ન્શ્ની ઈમરજન્સી રિસ્પોન્ડ ટીમ નીચે પ્રાંગણના ટ્રાયેજ એરિયામાં ખૂબ જ ઝડપથી લઇ આવ્યા હતા. તદઉપરાંત ૮૩ મીટરની ઉંચાઈએ પ્રતિમાના પગ પાસેના સ્થળેથી અન્ય એક પ્રવાસી ધક્કા મુક્કીમાં પડી જતા તેને સામાન્ય ઈજા પહોંચી હતી. આ પ્રવાસીને ઈમરજન્સી રિસ્પોન્ડ ટીમ બહાર ટ્રાયેજ એરિયામાં લઇ આવી હતી. તેવી જ રીતે SOU ના ભોંયતળીયે પણ એક પ્રવાસી ધક્કા મુક્કીમાં પડી જતાં તેને પણ ઈમરજન્સી રિસ્પોન્ડ ટીમે ઝડપથી મ્યુઝિયમની બહાર ટ્રાયેજ એરિયામાં લાવતાની સાથે જ મેડીકલ ટીમ, ડોક્ટર્સ અને પેરામેડીકલ સ્ટાફ અને પ્રાથમિક સારવારની જરૂરી સાધન-સામગ્રી સાથે ટ્રાયેજ એરિયામાં દોડી આવી હતી. તુરત જ ગંભીર રીતે ઈજાગ્રસ્ત એક પ્રવાસીની તાત્કાલિક પ્રાથમિક સારવારની સાથોસાથ તેને પ્રાથમિક સારવાર આપી ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી વધુ સારવાર માટે રાજપીપલાની સરકારી સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપ્યા હતા. જ્યારે સામાન્ય ઈજાગ્રસ્ત દર્દીને ઘટના સ્થળે જ પ્રાથમિક સારવાર અપાઈ હતી.

પ્રવાસીઓમાં અફવા ફેલાવાની સાથે જ સ્ટેચ્યુની વ્યુઈંગ ગેલેરીમાં હાજર અંદાજે ૬૦ થી ૭૦ જેટલાં પ્રવાસીઓ પોતાનો જીવ બચાવવા રસ્તો શોધી રહ્યા હતાં. તેવામાં ધક્કા-મુક્કીમાં એક પ્રવાસી બેભાન થઇ જતા તેને આંતરિક ગંભીર ઈજાઓ પહોંચી હતી.

# ઝાલોદ તાલુકાના કાળીમહુડી મુકામે સર્જાયો ગમખ્વાર અકસ્માત : એક વ્યક્તિનું મોત

### ગાડીમાં બે સવાર પૈકી એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થતાં દાહોદ ઝાયડસ મુકામે દાખલ કરવામાં આવ્યો

**। ઝાલોદ, તા.૨૧ ।**

ગતરોજ તારીખ ૨૦-૦૮-૨૦૨૩ રવિવારના અંદાજીત રાત્રીના ૮:૩૦ વાગે દાહોદ તરફથી



મૃતક ઉત્કર્ષ છાજેડની ફાઈલ તસવીર

આવતી ટાટા ટીગોર જેનો નંબર GJ-20-AH-7020 આવતી હતી તે દરમ્યાન ચાલક દ્વારા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા કાળી મહુડી સ્ટેશન પાસે આવેલ નાળાની દિવાલ સાથે અથડાઈ ખાડામાં ગાડી પડી ગઈ હતી. ગાડી નજીકના લીમડી નગરની હોવાથી અકસ્માતની માહિતી મળતા નગરના તેમજ આસપાસના લોકો ઘટના સ્થળે તાત્કાલિક પહોંચી ગયેલ હતા. અને તાત્કાલિક ૧૦૮ પર કોલ કરતા એમ્બ્યુલન્સ આવી ગયેલ હતી. આ ગાડીમાં જાણવા મુજબ અંદાજીત બે વ્યક્તિ સવાર હતા. આ ગાડીમાં સવાર બે વ્યક્તિ ઉત્કર્ષ હિતેન્દ્ર



ઘાયલ લકી સોની

છાજેડ અને લકી ભુપેન્દ્ર સોની બંનેને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા દાહોદ ઝાયડસ મુકામે લઈ જવામાં આવેલ હતા. ત્યાં લઈ જતા ડોક્ટર દ્વારા તપાસ કરાતા ઉત્કર્ષ છાજેડને મૃત જાહેર કરવામાં આવેલ હતો અને લકી સોનીને વધુ ગંભીર ઈજાઓ થતાં તેની તાત્કાલિક સારવાર કરવાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતો. આ ઘટનાની પોલિસ દ્વારા ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

# તાપી જિલ્લાના વ્યારા સ્ટેશન ખાતે ત્રણ એક્સપ્રેસ ટ્રેનોના સ્ટોપેજનો શુભારંભ કરાવતા સાંસદ પ્રભુભાઇ વસાવા




**। સુરત, તા.૨૧ ।**

વ્યારા ખાતે આવેલ રેલ્વે સ્ટેશન અને સુરતના ચલથાણ રેલ્વે સ્ટેશને એક્ષપ્રેસ ટ્રેનોના સ્ટોપેજની માંગણીને કેન્દ્રસ્થાને રાખીને સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ નગરજનોની આવાગમનની સમસ્યાનો અંત લાવવા માટે રેલ મંત્રાલયને એક્સપ્રેસ ટ્રેનોના સ્ટોપેજ માટેની ખાસ દરખાસ્ત મોકલી હતી. રેલ મંત્રાલય દ્વારા આ દરખાસ્તનો સ્વીકાર કરીને વ્યારાને ત્રણ એક્સપ્રેસ અને સુરતના ચલથાન રેલ્વે સ્ટેશનના એક સ્ટોપેજ તરીકે મંજુર કરાયું છે. જ્યાં સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા અને પીએસી કમિટીના મેમ્બર છોટુભાઈ પાટીલ દ્વારા વ્યારા સ્ટોપેજનો શુભારંભ કરાવી બાંદ્રા-પટના હમસફર, ઉધના બનારસ, અને ભુસાવલ મુંબઈ ખાનદેશ એક્સપ્રેસ એમ ત્રણ ટ્રેનોને વ્યારા સ્ટોપેજથી લીલી ઝંડી આપી હતી.

આ પ્રસંગે સાંસદશ્રી વસાવાએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ તાપી અને સુરત જિલ્લાના સ્થાનિકો, વેપારીઓ તથા મૂળ પરપ્રાંતથી ધંધા-રોજગાર અર્થે આવેલા નાગરિકોને એક સુંદર ભેટ મળી છે. અગાઉ નગરજનોને આવાગમન માટે પડતી તમામ મુશ્કેલીઓનો આજે સુખદ અંત આવ્યો છે. ત્યારે આપણા સૌ માટે આશિર્વાદરૂપ બનેલા આ સ્ટોપેજની જાળવણી અને દેખરેખ આપણી સૌની જવાબદારી છે. પીએસી કમિટીના મેમ્બર છોટુભાઈ પાટીલે પણ નગરજનોને મળેલ આ અમૂલ્ય ભેટ અંગે ખુશી વ્યક્ત કરી હતી.

# ભરૂચના વિવિધ શિવ મંદિરોમાં નાગ પાંચમની પૂજા કરવામાં આવી

**। કેતન મહેતા ભરૂચ, તા.૨૧ ।**



શ્રાવણ સુદ પાંચમના નાગપાંચમ તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે નાગની પૂજા કરવામાં આવે છે. આ દિવસે નાગ દર્શનનું પણ વિશેષ મહત્વ હોય છે. આ દિવસે નાગને મારવાની મનાઈ છે. આખા શ્રાવણ મહિનામાં અને ખાસ કરીને નાગપંચમીના દિવસે ધરતીને ખોદવાની મનાઈ છે. આ દિવસે નાગને દૂધ પીવડાવવામાં આવે છે. કેટલીક જગ્યાએ ખાસ કરીને ગુજરાતમાં શ્રાવણ સુદ વદના દિવસે પણ નાગપંચમી ઉજવવામાં આવે છે. આ દિવસે પૂજામાં સફેદ ફૂલ મૂકવામાં આવે છે.

આપણા દેશમાં વ્યાપેલી ધાર્મિક આસ્થાના આધાર પર લિંગ, સાંપ, અગ્નિ, સૂર્ય આદિનું ખૂબ મહત્વ છે. નાગપૂજાની પરંપરા પણ આજ સુધી ચાલી રહી છે અને ભારતીય સંસ્કૃતિમાં આનુ વિશેષ મહત્વ છે. આ દિવસે નાગના દર્શનને શુભ માનવામાં આવે છે. એવુ કહેવાય છે કે આપણી ધરતી શેષનાગના ફેણ પર ટકેલી છે અને જ્યારે ધરતી પર પાપ વધી જાય છે ત્યારે શેષનાગ પોતાની ફેણને સમેટી લે છે જેથી ધરતી હલે છે. આ જ વિચાર જન માણસ પર વધુ શ્રધ્ધાવત બનીને નાગની પૂજાને બાધ્ય કરે છે. આપણા દેશમાં દરેક સ્થાન પર કોઈને કોઈ રૂપે શંકર ભગવાનની પૂજા થાય છે, અને એમના ગળામાં, જટાઓમાં અને બાજુઓમાં નાગની માળા સ્પષ્ટ દેખાય છે આથી પણ લોકો નાગની પૂજા કરવામાં વધુ શ્રધ્ધા રાખે છે. ભરૂચના વિવિધ શિવ મંદિરોમાં આજે નાગ પાંચમની પૂજા કરવામાં આવી હતી.

### આજે રાજપીપલા સાયન્સ કોલેજમાં મોટીવેશનલ

# સ્પીકર અને જાણીતા વિજ્ઞાન લેખક દીપક જગતાપનું ચન્દ્રયાન-3 ઉપર મનનીય પ્રવચન

### મંથન લોકવિજ્ઞાન કેન્દ્ર રાજપીપલાના ઉપક્રમે ચન્દ્રયાન-3 ના સફળ લેન્ડિંગની વૈજ્ઞાનિક માહિતી અપાશે

**। રાજપીપળા, તા.૨૧ ।**



ભારતનું ઈસરો દ્વારા ચન્દ્રયાન-૩, ૨૩ ઓગસ્ટના રોજ ચન્દ્રના દક્ષિણ ગોળાર્ધ ઉપર સફળ લેન્ડિંગ થવાનું છે ત્યારે સમગ્ર દેશ અને દુનિયાની નજર ચન્દ્રયાન -૩ ઉપર ખોડાઈ છે ત્યારે આમ જનતામાં ચન્દ્ર ઉપર સફળ લેન્ડિંગ પ્રક્રિયા કેવી રીતે થવાની છે તે જાણવા લોકો ઉત્સુક છે ત્યારે ૨૨મી ઓગષ્ટ ને મંગળવારના રોજબપોરે ૨.૩૦ કલાકે રાજપીપલાખાતે શ્રી એમ આર આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજમાં મંથન લોકવિજ્ઞાન કેન્દ્ર રાજપીપલાના ઉપક્રમે ચન્દ્રયાન -૩ ના સફળ લેન્ડિંગની વૈજ્ઞાનિક માહિતી મળી શકે એ હેતુથી મોટીવેશનલ સ્પીકર અને જાણીતા વિજ્ઞાન લેખક દીપક જગતાપ દ્વારા ચન્દ્રયાન -૩ ઉપર મનનીય પ્રવચન રાખવામાં આવેલ છે. વિજ્ઞાન લેખક દીપક જગતાપ ચન્દ્રયાન ના લોન્ચિંગ થી માંડીને લેન્ડિંગ સુધીની રસપ્રદ માહિતી પીપીટી પ્રેઝન્ટેશન દ્વારા આપશે.

# સંખેડામાં બાગાયત યોજનાને લઈને તાલીમ યોજવામાં આવી

**। છોટાઉદેપુર,તા.૨૧ ।**

બાગાયત વિભાગની યોજના અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ સેન્ટરની તાલીમ તા.૧૮ ઓગસ્ટના રોજ સાર્વજનિક કન્યા શાળા, તાલુકા સંખેડા, જિલ્લો: છોટાઉદેપુર ખાતે યોજાયેલ હતી. જેમાં ૪૦ તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ યોજનામાં તાલીમાર્થીઓને શ્રી અભિજિત.એન. પંચભાઈ, બાગાયત અધિકારીએ (જીલ્લા કક્ષા) કિચન ગાર્ડનીંગ, હેદ્રોફોનીક્ષ તથા વેલ્યુએડીશન જેવા વિષયો પર તાલીમ આપી હતી. કાર્યક્રમમાં નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, જિલ્લો-છોટાઉદેપુર તરફથી શ્રી અભિજિત એન. પંચભાઈ, બાગાયત અધિકારી(જીલ્લા કક્ષા) અને શ્રી પ્રકાશભાઈ એમ બારિયા, બાગાયત અધિકારી, તાલુકા-નસવાડીના હસ્તે તાલીમાર્થીઓને ફાઈલ અને કીટ સાથે સાથે આણંદ કૃષિ મહાવિદ્યાલયના ભીંડા તથા રીંગણના બિયારણના પેકેટ અને ૫ કિલોગ્રામ વર્મી કમ્પોસ્ટનું વિતરણ દરેક તાલીમાર્થીઓ માટે કર્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. તમારા જીવનસાથી આજે કદાચ વધુ પડતા વ્યસ્ત થઈ શકે છે અને તમારી માટે સમય ફાળવી નહીં શકે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. પ્રેમ પ્રવાસ મધુર પણ ટૂંકી આવરદાનો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. જિંદગી ની ચાલતી ભાગદોડ માં આજે તમને પોતાના માટે સમય મળશે અને તમે પોતાના પસંદગી ના કામો કરવા માં સક્ષમ હશો. તમારા જીવનસાથી આજે વધુ પડતું સ્વ-કેન્દ્રી વલણ અપનાવે એવી શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. તમે તમારા પ્રેમી ને સમય આપવા પ્રયત્ન કરશો, પરંતુ કેટલાક મહત્વપૂર્ણ કામ ના આગમન ને કારણે, તમે તેમને સમય આપી શકશો નહીં. તમારા જીવનસાથી આજે અનાયાસે જ કશુંક અદભુત કરશે, જે તમારી માટે ખરેખર અવિસ્મરણીય બની રહેશે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તમે તમારા સમય ને તમારા હૃદય ની નજીક ના લોકો સાથે વિતાવવા નું અનુભવો છો, પરંતુ તમે તે કરી શકશો નહીં. તમારા જીવનસાથી સાથેનો તમારો સંબંધ તાણભર્યો રહેશે અને ગંભીર ખેંચતાણ પણ થશે જે ટકવી જોઈએ તેના કરતાં લાંબા સમય સુધી ટકશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે મિત્રના ઠંડા પ્રતિભાવથી તમે વ્યથિત થશો.પણ મગજ શાંત રાખવાની કોશિષ કરજો. આ બાબત તમને છિન્નભિન્ન ન કરી નાખે તેની તકેદારી રાખો અને વ્યથા ટાળવાનો પ્રયાસ કરો. આ રાશિ ના જાતકો આજ ના દિવસે પોતાના ભાઈ બહેનો સાથે ઘરે કોઈ મુવી અથવા મેચ જોઈ શકે છે. આવું કરવા થી તમારા લોકો વચ્ચે પ્રેમ વધશે? તમારા જીવનસાથી આજે અનાયાસે જ કશુંક અદભુત કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. તમારી વાતચીતમાં તમે જેવા છો એવા જ રહો કેમ કે તમે જે નથી એ દેખાડવાથી તમને કોઈ જ ફાયદો નહીં થાય. ખોટો સંવાદ આજે સમસ્યા સર્જી શકે છે, પણ તમે બેસીને વાત દ્વારા તેને ઉકેલી શકો છો. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ.

**તુલા (ર,ત) :**

આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે અન્યથા આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે. ખાલી સમય માં આજે તમે કોઈ રમત રમી શકો છો અથવા જિમ જાયી શકો છો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. તમારે જે સંબંધો ને મહત્ત્વ આપ્યું છે તેને સમય આપવા નું શીખવું પડશે, નહીં તો સંબંધ તૂટી શકે છે. તમે આજે અનુભવશો કે તમારૂં લગ્નજીવન આટલું સુંદર ક્યારેય નહોતું. ઘરમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે. કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. તમારો કૉલ લંબાવીને તમે તમારા રૉમેન્ટિક ભાગીદારને ચીડવશો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો?

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારા નિરાશાવાદી અભિગમને કારણે તમે પ્રગતિ કરી શકતા નથી. સમય પાકી ગયો છો કે તમે એ બાબતને સમજી લો કે ચિંતાએ તમારી વિચાશક્તિને મંદ પાડી દીધી છે. ઉજળી બાજુ તરફ જુઓ અને તમે ચોક્કસ જ તમારી વિવેકશક્તિમાં પરિવર્તન લાવી શકશો. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? તમારા અંગત જીવન વિશે મિત્રો તમને સારી સલાહ આપશે. તમારી તરફ મદદ માટે મીટ માંડનારાઓને તમે વચન આપશો. નજીકના ભૂતકાળમાં જે કંઈપણ થયું છે.

ન્યૂઝ બ્રિફ

## ચાઈના બોર્ડર પર ભારત તૈયાર કરી રહ્યું છે દુનિયાની સૌથી ઉંચી ટનલ



। નવી દિલ્હી, તા.૨૧ ।

ભારત ચીનની સરહદે આવેલી તેની જમીન પર સતત બાંધકામ કરી રહ્યું છે. ભારતનું આ પગલું ચીનના ઘૂસણખોરીના ઈરાદાઓને બેવડો ફટકો આપશે. દરમિયાન, બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશને માહિતી આપી છે કે લદાખ ક્ષેત્રમાં સૈન્ય અને નાગરિક બંને ઉપયોગ માટે નિર્માણ કાર્ય ચાલુ છે. આ ક્રમમાં, સરકારના પ્રયાસો હેઠળ, પૂર્વી લદ્દાખ સેક્ટરમાં વિશ્વની સૌથી ઊંચી ટનલ, રોડ અને ફાઈટર એરક્રાફ્ટ બેઝનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. મિગ લા-ફૂકચે રોડના નિર્માણ સાથે, દળ બે વર્ષ પહેલા ઉમલોંગ લા પાસ પર સૌથી ઉંચો રોડ બનાવવાનો પોતાનો રેકોર્ડ તોડવા માટે તૈયાર છે, એમ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ચૌધરીએ (BRO) ચીફ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે મિગ લા-ફુચે રોડ આગામી બે સિઝનમાં બનાવવામાં આવશે. આ સૌથી વધુ મોટરેબલ રોડ હશે જે ગંભીર પરિસ્થિતિમાં સેનાની તૈનાતીને સક્ષમ કરશે. તેમણે કહ્યું કે ઉમલિંગ લા વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ છે. ૧૫ ઓગસ્ટે BRO એ ૧૯૪૦૦ ફૂટની ઊંચાઈએ લિકુ, મિગ-લા અને ફુકચેને જોડતો રસ્તો શરૂ કર્યો. આનાથી જો કોઈ ગંભીર પરિસ્થિતિ ઊભી થાય તો વહેલી તકે સૈનિકો તૈનાત કરવામાં મદદ મળશે. BRO સૌથી વધુ મોટરેબલ રોડનો પોતાનો રેકોર્ડ તોડવા માટે તૈયાર છે. બીઆરઓ ચીફે કહ્યું કે વિશ્વની સૌથી ઉંચી દ્વિ-લેન ટનલ સેલા પણ તૈયાર છે અને એવી અપેક્ષા છે કે ટૂંક સમયમાં જ વડાપ્રધાન તેને રાષ્ટ્રને સમર્પિત કરશે. ટૂંક સમયમાં સેલા ટનલનું વડાપ્રધાન મોદી દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવશે. તે વિશ્વની સૌથી ઊંચી અને સૌથી લાંબી ટુ-લેન ટનલ હશે. લદાખ ક્ષેત્રમાં ભૌતિક જોડાણ વધારવા માટે ભારતીય સૈન્યની માર્ગ નિર્માણ એજન્સી દ્વારા બીજી એક વિક્રમજનક પ્રવૃત્તિમાં, મનાલીથી ઝંસ્કરથી લેહને જોડતી શિંકુ લા ટનલનું કામ ટૂંક સમયમાં શરૂ થશે. ચીનમાં આવેલી સૈન્ટ્ઠ ટનલનો રેકોર્ડ તોડીને તે વિશ્વની સૌથી ઉંચી ટનલ હશે. એર કનેક્ટિવિટીના સંદર્ભમાં, BRO ચીફ રાજીવ ચૌધરીએ કહ્યું કે પૂર્વી લદાખમાં માત્ર ૩૦ કિલોમીટર દૂર સ્થિત ન્યોમા એરફિલ્ડ ૨૦૨૪ સુધીમાં તૈયાર થઈ જશે.

### બીજી T20 મેચમાં આયર્લેન્ડને ભારતે ૩૩ રને હરાવ્યું

# ઈન્ડિયાએ ૩ મેચની T20 શ્રેણીમાં ૨-૦ની અજેય સરસાઈ મેળવી

### ઈન્ડિયાએ આયરલેન્ડને ૧૮૬ રનનો ટાર્ગેટ આપ્યો હતો, જેના જવાબમાં યજમાન ટીમ ૮ વિકેટે ૧૫૨ રન બનાવી શકી હતી

। ડબલિન, તા.૨૧ ।

ભારતીય ટીમે રવિવારે ડબલિનમાં રમાયેલી બીજી T20 મેચમાં આયર્લેન્ડને ૩૩ રને હરાવ્યું હતું. આ સાથે ટીમ ઈન્ડિયાએ ૩ મેચની T20 શ્રેણીમાં ૨-૦ની અજેય સરસાઈ મેળવી લીધી છે. ડેશિંગ ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહની કપ્તાનીમાં રમી રહેલી ભારતીય ટીમે આ મેચમાં આયર્લેન્ડને ૧૮૬ રનનો ટાર્ગેટ આપ્યો હતો, જેના જવાબમાં યજમાન ટીમ ૮ વિકેટ ગુમાવીને માત્ર ૧૫૨ રન જ બનાવી શકી હતી. માલાહાઈડમાં રમાયેલી આ મેચમાં આયર્લેન્ડના કેપ્ટન પોલ સ્ટર્લિંગે ટોસ જીતીને ભારતને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. ટીમ ઈન્ડિયાએ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૮૫ રન બનાવ્યા હતા. યુવા ઓપનર ઋતુરાજ ગાયકવાડે સૌથી વધુ ૫૮ રન ઉમેર્યા હતા. તેણે ૪૩ બોલમાં ૬ ફોર અને ૧ સિક્સર ફટકારી હતી. વિકેટ કીપર બેટ્‌સમેન સંજુ સેમસને ૨૬ બોલમાં ૫ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૪૦ રન બનાવ્યા હતા. રિંકુ સિંહે ૨૧ બોલમાં ૨ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૩૮ રન બનાવ્યા હતા. શિવમ દુબે ૨૨ રન બનાવીને અણનમ પરત ફર્યો હતો, જેણે ૧૬ બોલની ઈનિંગમાં ૨ સિક્સર ફટકારી હતી. આયર્લેન્ડના બેરી મેકકાર્થીએ ૩૬ રનમાં ૨ વિકેટ લીધી હતી જ્યારે માર્ક એડેર, ક્રેગ યંગ અને બેન્જામિન વ્હાઈટને ૧-૧ વિકેટ મળી હતી. ૧૮૬ રનના લક્ષ્યાંકનો પીછો કરતા આયર્લેન્ડે નિયમિત અંતરે પોતાની વિકેટો ગુમાવી હતી. પેસર ફેમસ કૃષ્ણાએ ઈનિંગની ત્રીજી ઓવર કેપ્ટન બુમરાહને આપી હતી. આ ઓવરમાં તેણે ૨ વિકેટ ઝડપી હતી. ફેમસે ઓવરના ત્રીજા બોલ પર પોલ સ્ટર્લિંગ (૦)નો કેચ પકડ્યો હતો જ્યારે છેલ્લા બોલ પર લોર્કન ટકર (૦)નો શિકાર બન્યો હતો. સ્પિનર રવિ બિશ્નોઈએ પણ ૨ વિકેટ ઝડપી હતી. કેપ્ટન જસપ્રીત બુમરાહને પણ ૨ વિકેટ મળી હતી. ઝડપી બોલર અર્શદીપ સિંહે એક વિકેટ લીધી હતી.

આયર્લેન્ડના ઓપનર એન્ડ્ર્યુ બલબિર્નીએ મેચમાં સૌથી વધુ ૭૨ રન બનાવ્યા હતા. તેણે ૫૧ બોલમાં ૫ ફોર અને ૪ સિક્સર ફટકારી હતી. માર્ક એડેરે ૨૩ રન ઉમેર્યા હતા. કર્ટિસ કેમ્ફરે ૧૭ બોલમાં ૧ છગ્ગાની મદદથી ૧૮ રન બનાવ્યા હતા. જ્યોર્જ ડોકરેલે ૧૩ રન ઉમેર્યા હતા. તેના સિવાય અન્ય કોઈ બેટ્‌સમેન ડબલ ફિગરને પણ સ્પર્શી શક્યો નહોતો.

### ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે ઈતિહાસ રચી દીધો

# ૩૩મી T20 ઈન્ટરનેશનલ મેચમાં અર્શદીપ સિંહે ૫૦ વિકેટ પૂરી કરી

### આયર્લેન્ડ સામે રમાયેલી બીજી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં અર્શદીપસિંહે ૪ ઓવરમાં ૨૯ રન આપીને ૧ વિકેટ લીધી

। ડબલિન, તા.૨૧ ।

ટીમ ઈન્ડિયામાં હવે પહેલાં જેવી સ્થિતિ નથી કે બોલરો શોધવા જઈએ તો ફાસ્ટ બોલર મળે નહીં. અને ૧૩૦ કિ.મી. થી વધારે ફાસ્ટ બોલિંગ નાંખવા માટે તમારે ખેલાડીની ખોજ કરવી પડે એવી સ્થિતિ હવે નથી. હવે તો કાશ્મીરથી આવેલો નવો છોકરો પણ ૧૫૦ કિ.મી.ની સ્પીડનો બોલ હસ્તા રમતા નાંખી દે છે. ભારત પાસે હાલ વર્લ્ડ બેસ્ટ કહી શકાય એવા જસપ્રીત બુમરાહ અને મહોમ્મદ શામીની જોડી છે. આ ઉપરાંત યાદવ અને અન્ય ફાસ્ટ બોલર્સ પણ આ કતારમાં સામેલ છે. ત્યારે આ બધાની વચ્ચે સૌથી અસરદાર સાબિત થયો 'સરદાર'. IND vs IREની મેચમાં ભારતીય ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે ઈતિહાસ રચી દીધો. એટલું જ નહીં આ સાથે જ ભારત માટે T20Iમાં આવું કરનાર તે અત્યાર સુધીનો પ્રથમ ઝડપી બોલર બન્યો. અર્શદીપ સિંહ કરિયરના આંકડાઓ પર નજર કરીશું તો એ વાતનો પણ ખ્યાલ આવશે કે તેણે બીજા ખેલાડીઓની સરખામણીએ કેટલો ઝડપી ગ્રોથ કર્યો છે.

### ભારતીય ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે ઈતિહાસ રચી દીધો

**ટીમ ઈન્ડિયા માટે, અર્શદીપ સિંહે T20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં એક નવો માઈલસ્ટોન હાંસલ કર્યો છે. તેના શાનદાર પ્રદર્શનને કારણે અર્શદીપ સિંહે ૨૦૨૩ એશિયા કપ અને ૨૦૨૩ વર્લ્ડ કપ માટે પણ દાવો કર્યો છે. ભારતીય ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે ઈતિહાસ રચી દીધો છે. આયર્લેન્ડ સામે રવિવારે રમાયેલી બીજી T20 ઈન્ટરનેશનલ મેચમાં અર્શદીપ સિંહે એવો શાનદાર રેકોર્ડ બનાવ્યો છે, જેના માટે દુનિયાભરના બોલરો ઉત્સુક છે. અર્શદીપ સિંહ આવું કરનાર ભારતનો પ્રથમ ઝડપી બોલર બની ગયો છે. રવિવારે આયર્લેન્ડ સામે રમાયેલી બીજી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં અર્શદીપ સિંહે શાનદાર બોલિંગ કરી અને ૪ ઓવરમાં ૨૯ રન આપીને ૧ વિકેટ લીધી. અર્શદીપ સિંહે આ સાથે ઈતિહાસ રચી દીધો છે. અર્શદીપ સિંહ હવે T20 ઇન્ટરનેશનલ ફોર્મેટમાં ભારત માટે સૌથી ઝડપી ૫૦ વિકેટ લેનારો બોલર બની ગયો છે. અર્શદીપ સિંહે પોતાની ૩૩મી T20 ઈન્ટરનેશનલ મેચમાં ૫૦ વિકેટ પૂરી કરી લીધી છે.**

### IMDએ મધ્ય પ્રદેશમાં વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર

# હિમાચલમાં ૨૪મી ઓગસ્ટ સુધી ભારે વરસાદની આગાહી

### વિદર્ભ, પશ્ચિમ અને પૂર્વ રાજસ્થાનમાં હળવાથી ભારે વરસાદની સાથે કેટલાક સ્થળો પર ભારે વરસાદની શક્યતા

। નવી દિલ્હી, તા.૨૧ ।

દેશના મોટાભાગના વિસ્તારોમાં ભલે ચોમાસું સુસ્ત પડ્યું હોય પરંતુ અનેક રાજ્યો એવા પણ છે જ્યાં ખુબ વરસાદ વરસી રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ મધ્ય પ્રદેશમાં વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. વિભાગે રાજ્યમાં આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદની ચેતવણી આપી છે. ભોપાલમાં છેલ્લા બે દિવસથી સતત વરસાદ વચ્ચે મધ્ય પ્રદેશના પ્રાદેશિક હવામાન વિભાગે કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી હતી. આઈએમડીએ કહ્યું છે કે ઓછા દબાણવાળા ક્ષેત્ર સાથે મળીને આગામી ૨-૩ દિવસ સુધી મધ્ય પ્રદેશ અને પૂર્વ રાજસ્થાનમાં ભારે વરસાદની ગતિવિધિ ચાલુ રહેવાની શક્યતા છે. એમપીમાં ઉત્તર પૂર્વ પર ઓછા દબાણનું ક્ષેત્ર બનેલું છે. કોટાથી થઈને ચોમાસાની પેટર્ન દબાણ ક્ષેત્ર સુધી આવી રહી છે જેનાથી મધ્ય પ્રદેશમાં ખુબ વાદળ બની રહ્યા છે.

હવામાન વિભાગના જણાવ્યાં મુજબ ચોમાસુ નબળું પડવા છતાં હિમાચલ પ્રદેશમાં ૨૨થી ૨૪ ઓગસ્ટ સુધી ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. આ સાથે જ ત્યાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે આજે ઓછા વરસાદનું યલ્લો એલર્ટ જાહેર કરાયું છે. રાજ્યમાં રવિવારે કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પડ્યો. હવામાનવિભાગના જણાવ્યાં મુજબ ચંબા અને મંડી જિલ્લાઓમાં અચાનક પૂર આવવાની ચેતવણી આપવામાં આવી છે. આ સાથે જ ત્યાં ૨૬ ઓગસ્ટ સુધી વરસાદનો દોર ચાલુ રહેવાનું પૂર્વાનુમાન કરાયું છે. હવામાન વિભાગે કહ્યું કે ભારે વરસાદના કારણે ભૂસ્ખલનની ઘટનાઓ ઘટી શકે છે. અચાનક આવેલા પૂરથી નદીઓ અને વરસાદી નાળાનું જળસ્તર વધી શકે છે. જેનાથી ઊભા પાક, ફળવાળા વૃક્ષોને નુકસાન પહોંચી શકે છે. પ્રાઈવેટ હવામાન એજન્સી સ્કાઈમેટના જણાવ્યાં મુજબ આગામી ૨૪ કલાકમાં હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, કેરળ, લક્ષદ્વિપ, આંદમાન અને નિકોબાર દ્વિપ સમૂહ, આંતરિક કર્ણાટક અને ઉત્તર પંજાબ, ઉત્તરી હરિયાણા તમિલનાડુમાં એક કે બે સ્થળો પર વરસાદની શક્યતા છે. આ સાથે વિદર્ભ, પશ્ચિમ મધ્ય પ્રદેશ, અને પૂર્વ રાજસ્થાનમાં હળવાથી ભારે વરસાદની સાથે કેટલાક સ્થળો પર ભારે વરસાદની શક્યતા છે.

એજન્સીના જણાવ્યાં મુજબ સિક્કિમ, અસમ, અને અરુણાચલ પ્રદેશમાં હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. આ સાથે એક કે બે સ્થળો પર ભારે વરસાદ પડી શકે છે. પૂર્વોત્તર ભારત, ઉપ હિમાલયી પશ્ચિમ બંગાળ, પૂર્વ મધ્ય પ્રદેશ, છત્તીસગઢના કેટલાક ભાગો, ઓડિશા, મરાઠાવાડા, તેલંગણા, કોંકણ અને ગોવા, તટીય કર્ણાટક, પૂર્વ ગુજરાત અને ઉત્તરાખંડમાં હળવો વરસાદ પડે તેવી શક્યતા છે. ગુજરાતમાં ફરી એકવાર વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં ફરી એકવાર ચોમાસું સક્રિય થઈ ગયું છે.

### હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ દ્વારા ગુજરાતમાં ફરી એકવાર ભારેથી અતિભારે વરસાદની આગાહી કરાઈ છે

**અમદાવાદ, ગાંધીનગર, પંચમહાલ, વડોદરામાં ભારે વરસાદ પડી શકે છે. સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, પાટણ, મહેસાણામાં ભારે વરસાદની સંભાવના જોવા મળી રહી છે. હવે બંગાળનું ઉપસાગર સક્રિય થયું છે. હવે રાજ્ય તરફ એક બાદ એક વરસાદી સિસ્ટમ આવશે. હાલ એક વરસાદી ટ્રફ સક્રિય છે જેની અસર ૨૨ ઓગસ્ટ સુધી રહેશે. ૨૫ થી ૨૬ ઓગસ્ટ સુધીમાં એક વરસાદી સિસ્ટમ બનશે. આ વરસાદી સિસ્ટમ ભારે હશે. બંગાળની ખાડીમાં વિવિધ વરસાદી સિસ્ટમ આકાર પામશે. એક વેલ માર્ક લો પ્રેશર અને ટ્રોપીકલ સ્ટ્રોમ બનશે. આ વરસાદી સિસ્ટમથી દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રમાં વરસાદ પડશે. સુરત, વલસાડ, નવસારી, તાપી, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, રાજકોટમાં વરસાદની આગાહી કરાઈ છે. દાહોદ, ગોધરા, પંચમહાલ, સાપુતારામાં અતિભારે વરસાદ પડી શકે છે. આ વરસાદી સિસ્ટમની અસર સપ્ટેમ્બર મહિનાના પ્રથમ સપ્તાહ સુધી રહેશે. આકાશમાં વાદળો બંધાયા છે. જેને કારણે આગામી ૬ દિવસ રાજ્યમાં વરસાદી માહોલ રહેશે. આજથી રાજ્યમાં વરસાદ વરસાદનું જોર વધશે. લો પ્રેશર સિસ્ટમ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાતા વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આજથી ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી છે. આગાહીકાર અંબાલાલ પટેલની આગાહી ગુજરાત માટે ફરી એકવાર ખુશીના સમાચાર લઈને આવી છે. ઓગસ્ટના અંતમાં અને સપ્ટેમ્બરની શરૂઆતમાં પશ્ચિમ પ્રશાંત મહાસાગર સિસ્ટમ સક્રિય થવાની શક્યતા દેખાઈ રહી છે. જેના કારણે બંગાળના ઉપસાગરમાં ઓગસ્ટના અંતમાં અને સપ્ટેમ્બરની શરૂઆતમાં મજબૂત વરસાદી સિસ્ટમ લાવવાની શક્યતા છે.**

## અમિત શાહે 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત આયોજિત 'તિરંગા યાત્રા'નો શુભારંભ કરાવ્યો



કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહના નેતૃત્વ અને માર્ગદર્શનમાં રવિવારે ગુજરાતના અમદાવાદમાં 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત આયોજિત 'તિરંગા યાત્રા'નો શુભારંભ કરવામાં આવ્યો. આ અવસરે પોતના સંબોધનમાં શ્રી અમિત શાહે કહ્યું, ' દેશને આઝાદ આઝાદ કરાવવા માટે આપણાં પૂર્વજોએ લાંબો સમય સંઘર્ષ કર્યો છે. પૂર્વજોનું બલિદાન દેશના તમામ યુવાનો માટે એક સંસ્કાર છે. શહીદોના સન્માનમાં ૧૩થી ૧૫ ઓગસ્ટ સુધી દેશની 'આન, બાન અને શાન ત્રિરંગા'ને પોતાના ઘરો પર લહેરાવીને 'હર ઘર તિરંગા અભિયાન'ને સફળ બનાવવાની સમગ્ર દેશની જવાબદારી છે. ગુજરાતમાં ૬ કરોડની જનસંખ્યા અને લગભગ ૧ કરોડ પરિવારો છે. જો દરેક ઘરમાં તિરંગો ફરકાવવામાં આવશે તો સમગ્ર ગુજરાત અને દેશ ત્રિરંગામય બની જશે. આ અવસરે શ્રી અમિત શાહે દેશવાસીઓને ૧૫મી ઓગસ્ટ ૨૦૨૩થી આઝાદીના ૧૦૦મા વર્ષ એટલે કે ૨૦૪૭ સુધી 'આઝાદી કા અમૃતકાલ'ની ઉજવણી કરવાનું આહ્વાન કર્યું છે. આ કાર્યક્રમમાં હાથમાં ત્રિરંગો લઈને ઉભેલા હજારો લોકોએ સાબિત કરી દીધું છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશવાસીઓના મનમાં દેશભક્તિની ભાવના જગાડવા માટે શરૂ કરેલું અભિયાન સફળ થઈ રહ્યું છે. ગયા વર્ષની જેમ આ વર્ષે પણ મોદીજીના નેતૃત્વમાં અને શ્રી અમિત શાહના કુશળ માર્ગદર્શનમાં 'હર ઘર તિરંગા' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. 'મેરી માટી-મેરા દેશ' કાર્યક્રમ અંતર્ગત દેશભરના યુવાનો માટી અને ત્રિરંગો લઈને દિલ્હીમાં વડાપ્રધાનને સોંપશે. શ્રી અમિત શાહ સ્પષ્ટપણે માનવું છે કે જેવી રીતે 'આઝાદી કા અમૃત મહોત્સવ' દેશભક્તિનો એક માહોલ ઉભો કરવાનું માધ્યમ બન્યું, એવી જ રીતે 'મેરી માટી-મેરા દેશ' અભિયાન આવનારાં દિવસોમાં વિકસિત અને આત્મનિર્ભર ભારત બનાવવાના અમારા સંકલ્પને પૂર્ણ કરશે.

## સ્ક્રીનથી સ્ટ્રીટ સુધી : હપ્પુ કી ઉલટન પલટનની રાજેશ ઉર્ફે ગીતાંજલી મિશ્રા લખનૌના આકર્ષણથી મોહિત!

એન્ડટીવી પર ઘરેલુ કોમેડી હપ્પુ કી ઉલટન પલટનમાં ગીતાંજલી મિશ્રાનો નવી રાજેશ સિંહ (રજ્જો) તરીકે પ્રવેશે દર્શકોમાં ભરપૂર રોમાંચ જગાવ્યો છે. આ અભિનેત્રી ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં ૧૮-૧૯ ઓગસ્ટે જઈને ચાહકોને ખુશ કરી દીધા હતા. આ ટ્રિપ દરમિયાન તેણે ચાહકો સાથે વાર્તાલાપ કર્યો હતો. નામાંકિત બજારોમાં રખડી હતી અને લખનૌની ગલીઓમાં અમુક સ્વાદિષ્ટ વાનગીઓ પણ ઝાપટી હતી. આ વિશે રોમાંચિત રાજેશ સિંહની ભૂમિકા ભજવતી ગીતાંજલી મિશ્રા કહે છે, ''મારી તાજેતરના લખનૌની મુલાકાત બહુ આનંદિત




રહી હતી. લોકોએ મારી સાથે વાર્તાલાપ કર્યો અને રાજેશ તરીકે મારી ભૂમિકાની સરાહના કરી તેનાથી હું ગદગદ થઈ ગઈ હતી. ખાસ કરીને મારા પાત્ર વિશે મને જે પ્રેમ અને સરાહના મળ્યા તેણે મને બેસુમાર ખુશી આપી. મેં ભરપૂર શોપિંગ કર્યું, ઐતિહાસિક સ્મારકો જોયાં અને અદભુત રજવાડાંઓ પણ જોયાં. અહીંની વાનગીઓ અપેક્ષાથી પાર હતી. માંસાહારી વાનગીઓ માટે લખનૌ જાણીતું હોવા છતાં શાકાહારી તરીકે મને ફૂડ ફેસ્ટિવલમાં હાજરી આપતી હોઉં તેવી લાગણી થઈ હતી. મેં ઘણી બધી સ્વાદિષ્ટ વાનગીઓ માણી હતી, જેમ કે, ખાસ્તા સબજી, કુલ્ફી ફાલદુ અને સ્વાદિષ્ટ ચાટે તો મારું મન જીતું લીધું હતું. લખનૌ દેખીતી રીતે જ શાકાહારીઓ માટે પણ સ્વર્ગ છે. મેં હઝરતગંજ અને અમીનાબાદની બજારોની પણ મુલાકાત લીધી હતી, જ્યાં મેં ચિનકારી કુરતીઓ, સાડીઓ અને મેચિંગ આભૂષણો ખરીદી કર્યાં હતાં.

## દુબઈએ ૨૦૨૩ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં વર્ષ-દર-વર્ષના ૨૦% વૃદ્ધિ સાથે પ્રિ-પેન્ડેમિકના આંતરરાષ્ટ્રીય મુલાકાતના સ્તરને વટાવી દીધું

દુબઈના અર્થતંત્ર અને પર્યટન વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા નવીનતમ ડેટા મુજબ, તે દર્શાવે છે કે શહેર વિશ્વનું સૌથી વધુ મુલાકાત લેવાયેલ સ્થળ બનવાના તેના લક્ષ્ય તરફ સતત આગળ વધી રહ્યું છે. દુબઈએ જાન્યુઆરીથી જૂન ૨૦૨૩ સુધીમાં ૮.૫૫ મિલિયન આંતરરાષ્ટ્રીય મુલાકાતીઓનું સ્વાગત કર્યું, જે H1 ૨૦૧૯ માં ૮.૩૬ મિલિયન પ્રવાસીઓના પૂર્વ રોગચાળાના આંકડાને વટાવે છે. રેકોર્ડ H1 પ્રદર્શન દુબઈના આર્થિક એજન્ડા D33ના ધ્યેયમાં ફાળો આપે છે, જે દુબઈની સ્થિતિને એકીકૃત કરવાનો છે. વિશ્વના ટોચના ત્રણ શહેરો. તે વૈશ્વિક પ્રવાસીઓ માટે પ્રથમ-૫ સંદગીનું સ્થળ બની રહે છે, જેમાં શહેરની હોટલો ઓક્યુપન્સી, ADR, RevPAR, ઓક્યુપાઈડ રૂમની રાત્રિઓ અને



મહેમાનોના રોકાણની લંબાઈમાં તમામ પ્રી-પેન્ડેમિક મેટ્રિક્સને પાછળ રાખી દે છે. દુબઈની હોટેલ્સ H1 ૨૦૨૩માં તમામ હોસ્પિટાલિટી મેટ્રિક્સમાં પ્રી-પેન્ડેમિક સ્તરને પાછળ રાખી દે છે. ૨૦૨૩ના પ્રથમ છ મહિનામાં દુબઈની સરેરાશ હોટેલનો ૭૮% ઓક્યુપન્સી વિશ્વમાં સૌથી વધુ છે.

દુબઈના ક્રાઉન પ્રિન્સ અને દુબઈની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના અધ્યક્ષ, મહામહિમ શેખ હમદાન બિન મોહમ્મદ બિન રશીદ અલ મક્તૂમે કહ્યું: ૨૦૨૩ના પહેલા ભાગમાં દુબઈ દ્વારા સાક્ષી આપવામાં આવેલ આંતરરાષ્ટ્રીય મુલાકાતીઓમાં નોંધપાત્ર ઉછાળો વધુ એક તરીકે તેના ઉદભવને દર્શાવે છે. માત્ર વિશ્વવ્યાપી પ્રવાસન ક્ષેત્રે જ નહીં પરંતુ વ્યાપક વૈશ્વિક આર્થિક લેન્ડસ્કેપમાં પણ તેજસ્વી સ્થળો. આ સિદ્ધિ દુબઈના નેતૃત્વની દૂરંદેશીથી શક્ય બની છે, જેમની દ્રષ્ટિ અને સમજદાર નીતિઓએ વૈશ્વિક પડકારોને પગલે તેની સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવી છે અને તેને અન્ય બજારો કરતાં વધુ ઝડપથી પુનઃપ્રાપ્ત કરવામાં સક્ષમ બનાવ્યું છે. જ્યારે આંતરરાષ્ટ્રીય મુલાકાતની વૃદ્ધિ દુબઈના એક મુખ્ય વૈશ્વિક પર્યટન સ્થળ તરીકેના ઉદયને મજબૂત બનાવે છે, તે વેપાર, રોકાણ અને એન્ટરપ્રાઈઝ માટેના મુખ્ય કેન્દ્ર તરીકે તેની સ્થિતિને પણ દર્શાવે છે.

### સારી દૃષ્ટિના મહત્વ વિશે જાગૃતિ લાવવા

## ઓકલે અને રોહિત શર્માએ વન સાઈટ એસિલોર લકસોટિકા ફાઉન્ડેશનની સાથે કોલોબ્રેટ કર્યું



લીડિંગ પરફોર્મન્સ આઈવેરની બ્રાન્ડ ઓકલે તેમજ ઈન્ડિયામાં ઓકલેના બ્રાન્ડ એમ્બેસેડર અને ઈન્ડીયન ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્માએ સારી દ્રષ્ટિના મહત્વ વિશે જાગૃતિ લાવવા અને દ્રષ્ટિની ટકાઉ ઍક્સેસ પ્રદાન કરવાના પ્રયાસોમાં વનસાઈટ એક્સીલોર લકસોટિકા ફાઉન્ડેશનની સાથે કોલોબ્રેટ કર્યું

ગુરુગ્રામ ખાતે આયોજિત આખા દિવસના કાર્યક્રમમાં ૧૦ થી ૧૫ વર્ષની વયના લગભગ ૧૦૦૦ અન્ડરસેવ્ડ સ્કૂલના બાળકોએ ટેસ્ટિંગ વિઝ્યુઅલ એક્યુટી માટે આઈ ક્લિનિકમાં ભાગ લીધો હતો. દ્રષ્ટિ સુધારણાની જરૂરિયાત ધરાવતા બાળકોને તેમના પ્રિસ્ક્રિપ્શન પર બનાવેલા લેન્સ સાથે ફીટ કરેલા ઓકલે ચશ્મા ફ્રીમાં આપવામાં આવ્યા હતા.

સારી દ્રષ્ટિ એ મૂળભૂત માનવ અધિકાર છે પરંતુ નબળી દ્રષ્ટિ વિશ્વભરના ૨.૭ અબજ લોકોને અસર કરે છે. ત્રણમાંથી એક વ્યક્તિ તેમની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચવામાં સક્ષમ નથી જ્યારે તમામ દ્રષ્ટિની સમસ્યાઓમાંથી ૮૦% સમસ્યા આજે અસ્તિત્વમાં છે અને તેને ઉકેલો દ્વારા ઉકેલી શકાય છે. અભ્યાસો દર્શાવે છે કે સ્પષ્ટ દૃષ્ટિ નાટકીય રીતે શિક્ષણ, નોકરીની કામગીરી અને કમાણીની સંભાવનાને પ્રભાવિત કરી શકે છે. સ્પષ્ટ દૃષ્ટિ વિદ્યાર્થીઓને શાળામાં બમણું શીખવામાં મદદ કરી શકે છે અને કાર્યકરની ઉત્પાદકતામાં ૩૫ ટકા વધારો કરવામાં મદદ કરી શકે છે જેથી તેઓ ૨૦ ટકા વધુ કમાણી કરી શકે. આંખની પરીક્ષા અને ચશ્મા એ શક્તિશાળી સાધનો તરીકે કામ કરે છે જે શિક્ષણ અને રોજગારને સક્ષમ કરીને લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. આ કાર્યક્રમ રોહિત શર્માની ઉપસ્થિતિમાં આયોજિત કરવામાં આવ્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદમાં ડ્રગ્સની હેરાફેરી રોકવા પોલીસ એક્શનમાં આવી

। અમદાવાદ, તા.૨૧ ।

રાજ્યમાં ડ્રગ્સ પકડાવાની ઘટનાઓ વધતી જઈ રહી છે. તેવામાં ડ્રગ્સની હેરાફેરી રોકવા માટે અમદાવાદ પોલીસ એક્શનમાં આવી ગઈ છે. પોલીસે ગીતામંદિર બસ સ્ટેન્ડમાં સ્નિફર ડૉગ દ્વારા ચેકિંગ કર્યું છે. વડોદરાથી લવાયેલા આ સ્નિફર ડૉગને વિશેષ ટ્રેનિંગ અપાયેલી છે. તેઓ નાર્કોટિક્સ પદાર્થોને શોધવા માટે સક્ષમ છે. એટલે જ તેમની મદદ લઈને ગીતા મંદિર બસ સ્ડેન્ડમાં મુસાફરોનો સામાન અને દુકાનોમાં ચેકિંગ કરવામાં આવ્યું છે. હાલમાં ગુજરાતનાં દરિયા કિનારાઓ પરથી મોટી માત્રામાં ડ્રગ્સ મલાઈ આવવાના બનાવો બની રહ્યા છે. અગાઉ કચ્છના જખૌ નજીકથી ૧૦ ચરસના પેકેટ મળી આવ્યા હતા. સ્ટેટ IB, NIU અને પોલીસ દ્વારા જખૌ નજીક સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. તપાસ દરમિયાન એક શંકાસ્પદ સેલ પણ મળી આવ્યો છે. ઉચ્ચ અધિકારીઓ સેલ અંગે તપાસ કરી રહ્યા છે. જખૌ નજીકથી બે દિવસમાં ૫૦થી વધુ ચરસના પેકેટ જપ્ત કરાયા હતા. જોકે રાજ્યમાં ચાલી રહેળ ડ્રગ્સના વેપારને પણ નાથવા પોલીસ સતત કામે લાગી છે.

### સુરતમાંથી ૨ લક્ઝરીયસ કારમાંથી દારૂ પકડાયો

। સુરત, તા.૨૧ ।

આમ તો ગુજરાતમાં દારુબંધી છે. આમ છતાં ગુજરાતમાંથી વારંવાર દારુનો જથ્થો ઝડપાતો રહે છે. પોલીસથી બચીને દારૂને ગુજરાતમાં ઘુસાડવા માટે બુટલેગરો વિવિધ કિમીયા અજમાવતા હોય છે. ત્યારે આવી જ એક ઘટના સુરત શહેરમાંથી સામે આવી છે. સુરત પોલીસે વિદેશી બ્રાન્ડની મોંઘી દારૂની બોટલો સાથે ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસે ૨ લક્ઝરીયર કાર સહિત કુલ ૪૬.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ચેકિંગ દરમિયાન ૧.૬૩ લાખનો દારૂ ઝડપાયો. પ્રાપ્ત વિગતો અનુસાર, સુરત શહેરના વેસુ વિસ્તારમાં પોલીસની ટીમ ચેકિંગ કરી રહી હતી. આ દરમિયાન પોલીસને ૨ લક્ઝુરિયસ કારમાંથી વિદેશી બ્રાન્ડની મોંઘી દારૂની બોટલો મળી આવી હતી. જે બાદ વેસુ પોલીસે સુરતના જમીન દલાલ અને ડ્રાઈવરને ૧.૬૩ લાખની મત્તાના ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા. વેસુ પોલીસે રાતે ચેકિંગ દરમિયાન જમીન દલાલ મનીષકુમાર મનહરસિંહ અને ડ્રાઈવર મોરારી શર્માને કાર, દારૂ સહિત કુલ ૪૬.૮૮ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પડ્યા હતા.

ગુજરાત કેન્સર વિભાગમાં ઇલાજ કરાવો : કોર્ટ

# તથ્યના પિતા પ્રજ્ઞેશ પટેલની જામીન અરજી કોર્ટે ફગાવી

**આરોપી તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલે કેન્સરના ઇલાજ માટે મુંબઈ જવાનું થતું હોવાથી જામીન અરજી કરી હતી**



। અમદાવાદ, તા.૨૧ ।

ઈસ્કોન અકસ્માત કેસમાં આરોપી તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલે કેન્સરના ઈલાજ માટે મુંબઈ જવાનું થતું હોવાથી જામીન અરજી કરી હતી. ત્યારે આજે આ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં કોર્ટે જામીન અરજી ફગાવી નાંખી છે. આ ઉપરાંત જેલ વિભાગને ગુજરાતના કેન્સર વિભાગમાં સારવાર કરાવવા માટે આદેશ આપ્યો છે. આ મામલે ૧૦ દિવસમાં રિપોર્ટ પણ રજૂ કરવા જણાવ્યું છે. ઈસ્કોન બ્રિજ પર મધરાતે થયેલા અકસ્માતમાં તથ્ય પટેલને જેલભેગો કર્યો છે. ત્યારે તેના પિતાએ ત્યાં હાજર લોકોને ધમકાવ્યા હતા. જેને લઈને ગુનો નોંધી કાયદાદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. તથ્ય પટેલે ૧૯મી જુલાઈની રાત્રે સર્જેલા અકસ્માતમાં ૯ લોકોને જીવતા કચડી નાખ્યા હતા. આ ગોઝારી ઘટનાએ માત્ર અમદાવાદ નહીં પરંતુ આખા ગુજરાતને હચમચાવી નાંખ્યું હતું. મોડી રાત્રે બનેલી એક અકસ્તમાની ઘટનામાં લોકો ટોળો વળ્યા હતા અને પોલીસ તપાસ કરી રહી હતી, ત્યારે ૧૪૦ કરતા વધુ ઝડપે જેગુઆર ચલાવી લોકોના ટોળાને કચડી નાંખ્યું હતું. જો કે, આ ઘટના બાદ તથ્યની અમુક જ કલાકોમાં ધરપકડ કરી લેવામાં આવી હતી. તથ્ય પટેલે આચરેલા કૃત્ય સામે ૧૭૦૦ પાનાની ચાર્જશીટ તૈયાર કરવામાં આવી હતી. જેમાં તેનો DNA રિપોર્ટ, FSL રિપોર્ટ સહિતની બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

FSLની તપાસમાં તથ્ય પટેલ અકસ્માત કેસ મામલે મોટો ખુલાસો થયો હતો. જેમાં જાણવા મળ્યુ હતું કે, તથ્યની ગાડી ૧૬૦ કિમી પ્રતિ કલાકની પૂરપાટ ઝડપે દોડી રહી હતી. ત્યારે પોલીસે પણ તથ્ય પટેલની કસ્ટડી મેળવવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

લાલ દરવાજા બસ ટર્મિનસને રૂ. ૮.૮૮ કરોડના ખર્ચે હેરિટેજ લૂક અપાયો છે

# નવા ટર્મિનસમાં ગંદકી કરનાર પેસેન્જર પાસેથી સત્તાવાળાઓ ૫૦૦ રૂપિયા સુધીનો દંડ વસૂલાશે

**નવા ટર્મિનસમાં આ બધાં દૂષણો તો દૂર થયાં છે તેમજ તંત્રની કડકાઈના કારણે થૂંકવું કે ગંદકી કરવાના મામલે પણ આકરો દંડ ફટકારાઈ રહ્યો છે**

। અમદાવાદ,તા.૨૧ ।

AMTSના સત્તાવાળાઓ દ્વારા શહેરના હૃદય સમાન લાલ દરવાજા બસ ટર્મિનસને રૂ. ૮.૮૮ કરોડના ખર્ચે હેરિટેજ લૂક અપાયો છે. પિંક કલરના હેરિટેજ લૂકમાં રંગાયેલું આ બસ ટર્મિનસ શહેરીજનોમાં ભારે પ્રિય બન્યું છે. અગાઉ લાલ દરવાજા બસ ટર્મિનસમાં પ્રવેશ કરતાંની સાથે જ ચારે તરફ ગંદકી નજરે પડતી હતી. તેના ડેપો વિસ્તારને તો અસામાજિક તત્ત્વોએ યુરિનલની જગ્યા બનાવી દીધી હતી. રિક્ષાવાળાઓ છડેચોક પ્લેટફોર્મમાં ઘૂસીને પેસેન્જરને લઈ જતા હતા. હવે નવા ટર્મિનસમાં આ બધાં દૂષણો તો દૂર થયાં છે. તેમજ તંત્રની કડકાઈના કારણે થૂંકવું કે ગંદકી કરવાના મામલે પણ આકરો દંડ ફટકારાઈ રહ્યો છે. મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગત તા. ૫ જૂન, ૨૦૨૩એ એએમટીએસના લાલ દરવાજા બસ ટર્મિનસનું લોકાર્પણ કરાયું હતું. ટર્મિનસનું મુખ્ય બિલ્ડિંગ પ્લેટફોર્મ નંબર-૧ પર બંધાયું હોઈ તેમાં રાજસ્થાનના ભરતપુરથી સ્પેશિયલ માર્બલ મંગાવીને બાંધકામમાં તેનો ઉપયોગ કરાયો છે. આ ટર્મિનસમાં પેસેન્જર્સ માટે અનેક પ્રકારની સુવિધાઓ



ઉપલબ્ધ કરાઈ છે. જેમ કે દરેક પ્લેટફોર્મ પર પેસેન્જર્સ માટે બસના રૂટ અને સમયપત્રક માટેની માહિતી ઉપલબ્ધ કરાવતી પબ્લિક ઈન્ફર્મેશન સિસ્ટમ તેમજ દરેક પ્લેટફોર્મ પર સીસીટીવી કેમેરાની વ્યવસ્થા કરાઈ છે. AMTS ની ૧૯૪૭થી ૨૦૨૩ સુધીની હિસ્ટ્રી વોલ પેસેન્જર્સ માટે આકર્ષણનું કેન્દ્ર અહીં આવનાર તથા ટર્મિનસથી શરૂ થનાર બસની માહિતી એલઈડી સ્ક્રીન પર દર્શાવાઈ રહી છે. મુખ્ય કંટ્રોલરૂમ સાથે નવ કંટ્રોલ કેબિન મુકાઈ છે તેમજ AMTS ની ૧૯૪૭થી ૨૦૨૩ સુધીની હિસ્ટ્રી વોલ પેસેન્જર્સને આકર્ષિત કરી રહી છે. પીવાના પાણીની સગવડ તેમજ પ્લેટફોર્મ પર સુંદર બેઠક વ્યવસ્થા પેસેન્જર્સને આકર્ષિત કરી રહી છે. આની સાથે આ સુંદર ટર્મિનસની સ્વચ્છતા જળવાઈ રહે તે માટે AMTS ના સત્તાવાળાઓ જાગૃત છે. જૂના ટર્મિનસમાં અમુક પેસેન્જર્સ ગમે ત્યાં થૂંકતા હતા. તેમજ કચરો ફેંકીને ચારે તરફ ગંદકી ફેલાવતા હતા. તંત્રનાં આકરાં પગલાંના કારણે હવે આ પ્રકારની પ્રવૃત્તિ પર મહદ્અંશે બ્રેક લાગી છે. કેમ કે પ્લેટફોર્મ પર થૂંકનાર કે કચરો ફેંકી ગંદકી કરનાર પેસેન્જર પાસેથી સત્તાવાળાઓ રૂ. ૫૦૦ સુધીનો દંડ વસૂલી રહ્યા છે.

AMTS ના ચેરમેન વલ્લભ પટેલ કહે છે, મધ્ય ઝોનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના સહકારથી ટર્મિનસમાં થૂંકવું, કચરો ફેંકવો, ગંદકી કરવી વગેરે બાબતોસર કસૂરવાર પેસેન્જર્સ પાસેથી દંડ વસૂલવામાં આવે છે. જેના કારણે આ ટર્મિનસની સ્વચ્છતા જળવાઈ રહી છે.

આ અંગે વધુ માહિતી આપતાં AMTS ના ચેરમેને જણાવ્યું હતું કે, તા. ૬ જૂન, ૨૦૨૩થી અમે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના સહકારથી ગંદકી સામે ઝુંબેશ આરંભી છે અને તે દિવસથી લઈને તા. ૧૭ ઓગસ્ટ સુધીમાં કુલ ૨૦૦ પેસેન્જર્સને થૂંકવા કે કચરો ફેંકી ગંદકી કરવાના મામલે પકડવામાં આવ્યા છે. મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા આ તમામ કસૂરવારો પાસેથી તા. ૬ જૂન, ૨૦૨૩થી તા. ૧૭ ઓગસ્ટ, ૨૦૨૩ સુધીના સમયગાળામાં કુલ રૂ. ૨૦,૯૦૦ ની પેનલ્ટી વસૂલાઈ છે.

ડુપ્લીકેટ લાયસન્સ આપવાના રેકેટનો પર્દાફાશ

# ગુજરાતમાં ગેરકાયદેસર હથિયારો વેચવા મામલે વધુ ત્રણ લોકોની જમ્મુથી ધરપકડ

**અગાઉ મુખ્ય ત્રણ આરોપી સહિત ૯ લોકોની ધરપકડ કરાઈ છે તે સમયે પોલીસે ૯ જેટલા હથિયાર જપ્ત કર્યા હતા**

। અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદમાં ગેરકાયદે હથિયારો વેચવા મામલે રોજ નિતનવી કડીઓ ખૂલી રહી છે. એલસીબી ઝોન ૨ અને સોલા પોલીસે આ કેસમાં વધુ ત્રણ લોકોની જમ્મુથી ધરપકડ કરી છે. જેમા નિવૃત આર્મી જવાન રસપાલ, ગન શોપ મેનેજર સંજીવ અને ગનશોપ માલિક ગૌરવની ધરપકડ કરાઈ છે. અત્યાર સુધીમાં ૧૬ હથિયાર ગુજરાતમાં વેચ્યા હોવાનો પોલીસ પૂછપરછમાં ખૂલાસો થયો છે. અગાઉ મુખ્ય ત્રણ આરોપી સહિત ૯ લોકોની ધરપકડ કરાઈ છે. તે સમયે પોલીસે ૯ જેટલા હથિયાર જપ્ત કર્યા હતા.

આરોપીઓ સોશિયલ મીડિયા ગૃપ બનાવી હથિયાર વેચવાનું નેટવર્ક ઉભુ કર્યુ હતુ. બે વર્ષમાં ૮૦૦થી પણ વધુ હથિયારો ગન હાઉસમાં વેચાયા છે. ગેરકાયદે હથિયારોનું દેશવ્યાપી નેટવર્ક સામે આવતા પોલીસે ગનના લાઈસન્સની તપાસ શરૂ કરી છે. ગેરકાયદે હથિયારો વેચવાના રેકેટમાં વધુ એક નિવૃત આર્મી જવાન પોલીસ સકંજામાં આવ્યો છે. જમ્મુના ગન હાઉસના માલિક સાથે મળીને ગેરકાયદે હથિયાર અને ડુપ્લીકેટ લાયસન્સ આપવાનુ રેકેટ શરૂ કર્યુ હતુ. જેમા પોલીસે જમ્મુકાશ્મીરથી વધુ ત્રણ આરોપીની ધરપકડ કરી



છે. પકડાયેલ ૩ આરોપી માં નિવૃત આર્મી જવાન રસપાલકુમાર આસામ રાઈફલ્સમાં સૈનિક તરીકે ફરજ બજાવતો તે સમયે મુખ્ય આરોપી પ્રતીક ચૌધરીના સર્પકમાં આવ્યો હતો. આ બન્નેએ જમ્મુ ખાતે આવેલા મહેન્દ્ર કોતવાલ ગન શોપમાંથી હથિયારો ખરીદ્યા હતા. જે ગેરકાયદે હથિયાર ખરીદી આરોપી પ્રતીક ગુજરાતમાં લાવતો અને તેનું ઓલ ઓવર ઈન્ડિયાનું ડુપ્લીકેટ લાઈસન્સ બનાવતો હતો. જે બાદ ગુજરાતમાં હથિયાર ગેરકાયદે વેચતો હતો. મહત્વનું છે હથિયારના લાઈસન્સ સાથે હથિયાર ખરીદવા માટે જે તે લાઈસન્સ ધારકે હાજર હોવું જોઈએ પણ ગન શોપના માલિક અને મેનેજર રજિસ્ટરમાં અલગ અલગ આર્મી જવાનોની ખોટી સાઈન અને એન્ટ્રી કરી હથિયારો ગેરકાયદે વેંચતા હતા. સોલા પોલીસે જમ્મુ કશ્મીરમાં સર્ચ કરીને અલગ અલગ રજિસ્ટ્રાર અને ડોક્યુમેન્ટ જપ્ત કર્યા છે. રજિસ્ટ્રારમાં આરોપીઓ દ્વારા નિવૃત આર્મી જવાન લાઈસન્સ મેળવી ગેરકાયદેસર હથિયારો ખરીદ્યા હોવાના પુરાવા મળ્યા છે. આ તમામ ડોક્યુમેન્ટ એફ.એસ. એલ. મોકલીને તપાસ શરૂ કરી. જોકે જમ્મુમાં આરોપી રસપાલકુમારના ઘરે સોલા પોલીસ પકડવા પહોંચી ત્યાં ૩ જેટલા ડોગ રાખ્યા હતા. જેથી કોઈ તેને પકડી ના શકે.આ હથિયારના નેટવર્કની તપાસમાં સામે આવ્યું કે છેલ્લા ૮ માસથી આ કારોબાર ધમધમી રહ્યો હતો.

રસ્તો હાઈફાઈ છતાં ૪ દિવસમાં આ બીજી ઘટના

# નારોલ હાઈફાઈ ચાર રસ્તા પાસે એક સ્કૂલ રિક્ષા પલટી

। અમદાવાદ,તા.૨૧ ।

નારોલમાં ફરી એકવાર સ્કૂલ રિક્ષા પલટવાની ઘટના સામે આવી છે. રિક્ષા બાદ પાછળ આવી રહેલ બાઈક ચાલક પણ કીચડમાં પડ્યો હતો. જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈને ઈજા પહોંચી નથી અને બાઈક સવાર તેમજ સ્કૂલના બાળકોનો આબાદ બચાવ થયો હતો. ૪ દિવસ પહેલા નારોલમાં જ એક સ્કૂલ રિક્ષા પલટી હતી ત્યારે કોર્પોરેશન દ્વારા રસ્તાનું હજુ પણ યોગ્ય રિપેરીંગ ન કરાતા વધુ એક સ્કૂલ રિક્ષા પલટવાની ઘટના સામે આવતા કોર્પોરેશન કામગીરી સામે અનેક સવાલો ઉઠ્યા છે. રસ્તો કામચલાઉ સરખો કરવામાં પણ કોર્પોરેશનની નિષ્ક્રિયતા જોવા મળી છે. ૪ દિવસમાં આ બીજી ઘટના સામે આવી છે, છતાં રસ્તાની મરામત ન કરાતાં લોકો રોષે ભરાયા છે. અનેક વખત સ્થાનિકો દ્વારા રસ્તા બાબતે ફરિયાદ કરાઈ છે. તેમ છતાં કોઈ નક્કર પગલા ભરવામાં આવતા નથી. નારોલ વિસ્તારના હાઈફાઈ ચાર રસ્તા પાસે ૪ દિવસ પહેલા જ સ્કૂલ રિક્ષા પલટવાની ઘટના બની હતી. શાળાએ જઈ રહેલ બાળકો સાથેની રિક્ષા પલટી જતા તમામ બાળકો કીચડમાં પડ્યા હતા. સદનસીબે બાળકોને મોટી ઈજા પહોંચી ન હતી. જોકે, રસ્તા ખરાબ હોવાના કારણે લોકોએ અનેકવાર રજૂઆત કરવા છતાં સમારકામ કરવામાં આવતું ન હોવાથી અકસ્માત સર્જાતા હોવાના સ્થાનિકોએ આક્ષેપ કર્યા હતા. અકસ્માતની ઘટના બાદ કોંગ્રેસના કાર્યકરોએ જાતે જ રસ્તાનું પુરાણ કર્યું સ્કૂલ રિક્ષા પલટવાની ઘટના બાદ કોંગ્રેસે બિસ્માર રોડ પર પુરાણ કર્યું હતું. કોંગ્રેસના કાર્યકરો હાઈફાઈ ચાર રસ્તા પર ટ્રેક્ટર, તગારા અને પાવડા સાથે પહોંચ્યા હતા.

# રાજકોટનાં ગોંડલમાં હિટ એન્ડ રનમાં મહીલાનું મોત નિપજ્યું

। રાજકોટ,તા.૨૧ ।

રાજકોટનાં ગોંડલમાં હિટ એન્ડ રનમાં મહીલાનું મોત નિપજ્યું હતું. રીબડા ચોકડી પર બાપા સીતારામ લોજ પાસે ઘટનાં બની હતી. જેમાં રસ્તા પર સુતેલી મહિલા પર કાર ચઢાવી ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતની સમગ્ર ઘટના ઝઝૂફ માં કેદ થઈ હતી. ત્યારે પોલીસ દ્વારા મૃતક મહિલાનાં પરિવારજનોની શોધખોળ હાથ ધરી છે. આરોપી કેવલ ગાણોલિયા તથ્ય પટેલની જેમ જ રફતારનો રાજા હોવાનો ખૂલાસો

રાજકોટની વાત કરીએ તો કેવલ ગાણોલિયા નામના નબીરાએ પૂરપાટ ઝડપે કાર ચલાવી ૩ જેટલા બાઈક અને ૧ ફેરિયાને અડફેટે લીધા હતા. અકસ્માતમાં ફેરિયાને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આરોપી કેવલ ગાણોલિયા તથ્ય પટેલની જેમ જ રફતારનો રાજા હોવાનો ખૂલાસો થયો છે. આરોપીના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ઓવર સ્પીડ કાર ચલાવતો હોવાના વીડિયો પોસ્ટ કર્યા છે.



એસજી હાઈવે છારોડી પાસે આવેલ એસજીવીપી સ્કુલમાં મૂન એક્ઝિબિશન યોજાયું હતું.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨